RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 12-10-2026 I VOL : 12 I Issue : 207 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

નાની શરૂઆત પણ મોટા પરિણામની શરૂઆત બની શકે છે

3



દિવાળીમાં વતન જવા 1,600 એક્સ્ટ્રા બસો દોડશે, જરૂર પડશે તો સંખ્યા 2,500...

4



લોકશાહી કે તાનાશાહી? સવારે-સવારે ઘરમાં ઘૂસીને પ્રખ્યાત...

6



CJPના વિરોધ પ્રદર્શન પર ભડકી કંગના રનૌત:કહ્યું- 'દેશદ્રોહી અને આતંકવાદી...

7



વિશ્વની સૌથી મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ થઈ

## કોકરોચ પાર્ટીનું સતત બીજા દિવસે પ્રદર્શન, મમતા-કેજરીવાલનો વિરોધમાં સામેલ થવા બદલ આભાર માન્યો

# જ્ઞાનેશ કુમાર ભાજપને જીતાડવા કામ કરે છે: CJP

નવી દિલ્હી

દિલ્હીમાં જંતર-મંતર પર પ્રદર્શન પહેલાં CJPના 3 નેતાઓ અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને પોલીસે અટકાયતમાં લીધા હતા. રવિવારે તેમને 50000 રૂપિયાના બોન્ડ પર મુક્ત કરાયા. દાસ અને રાંકાએ પ્રેસ કોન્ફરન્સ યોજી PM મોદી અને અમિત શાહ પર CJP કાર્યકર્તાઓ સાથે બર્બરતા અને ફોન હેકિંગનો આરોપ લગાવ્યો.



રાંકાએ CEC જ્ઞાનેશ કુમાર ભાજપને જીતાડવા કામ કરતા હોવાનો પણ આક્ષેપ કર્યો. જંતર-મંતર પર યોજાનારા પ્રદર્શન અગાઉ દિલ્હી પોલીસ દ્વારા અટકાયતમાં લેવાયેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના ત્રણેય શીર્ષ નેતાઓ–અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને રવિવારે સવારે ખાસ કાર્યકારી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા છે. ત્રણેય નેતાઓને એક વર્ષ સુધી શાંતિ ભંગ નહીં કરવાની શરત અને 50000 રૂપિયાના બોન્ડ પર મુક્તિ આપવામાં આવી છે. આ મુક્તિ બાદ અભિજિત દીપકે દાદીના અંતિમ સંસ્કાર માટે રવાના થઇ ગયો જ્યારે આશુતોષ રાંકા અને સૌરવ દાસે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. પત્રકાર પરિષદને સંબોધતા સૌરવ દાસે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના ઈશારે CJP કાર્યકર્તાઓ સાથે ભારે બર્બરતા કરવામાં આવી છે. તેમણે માનવાધિકાર આયોગની ભૂમિકા સામે પણ સવાલ ઉઠાવતા પૂછ્યું કે શું તેઓ સુઈ ગયા છે? જ્ઞાનેશ કુમારને બચાવવા માટે જ પીએમ મોદી અને શાહના ઈશારે આ રીતે લોકોની અટકાયતો કરવામાં આવી રહી છે.

## 'આ પત્રકારત્વ માટે પણ ઇમર્જન્સીનો સમય છે': દિલ્હીમાં વિરોધ પ્રદર્શન અને અટકાયતો સામે કૉક્રોચ જનતા પાર્ટીની ધમાકેદાર પ્રેસ કોન્ફરન્સ!

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ અને વિવિધ મુદ્દાઓને લઈને ગઈકાલે યોજાયેલા વિરોધ પ્રદર્શન તેમજ ત્યારબાદ પોલીસ દ્વારા કરવામાં આવેલી અટકાયતોથી ગરમાયેલા રાજકારણ વચ્ચે આજે 'કૉક્રોચ જનતા પાર્ટી'એ એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. પક્ષના અગ્રણીઓએ ભાજપ સરકાર પર સીધા અને ધારદાર પ્રહારો કરતા આક્ષેપ કર્યો છે કે દેશમાં વિરોધનો અવાજ દબાવવા માટે કટોકટી જેવી સ્થિતિ ઊભી કરવામાં આવી રહી છે.



પત્રકારો સાથે ગેરવર્તણૂંક અને હિન્દુત્વવાદી જૂથો દ્વારા મારામારીનો ગંભીર આક્ષેપ

પક્ષના સહ-સંયોજક આશુતોષ રાંકા અને પ્રવક્તા સૌરવ દાસે પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા ગઈકાલની ઘટનાઓનો ચિટ્ઠો રજૂ કર્યો હતો. પ્રવક્તા સૌરવ દાસે શાસક પક્ષ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે, વિરોધ પ્રદર્શનને કચડી નાખવા માટે હિન્દુત્વવાદી જૂથોને સ્થળ પર બોલાવીને પ્રદર્શનકારીઓ પર હુમલા અને મારામારી કરાવવામાં આવી હતી.

## આજે જ્ઞાનેશ કુમાર સામે ઈન્ડિયા બ્લોકનું પ્રદર્શન

### જંતર-મંતર જઈ શકે છે, રાહુલે ચીફ જસ્ટિસને મળવા માટે સમય માગ્યો; વિપક્ષનું 6 દિવસમાં ચોથું પ્રદર્શન

નવી દિલ્હી

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે રવિવારે જણાવ્યું કે મુખ્ય



ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે નવી દિલ્હીમાં સોમવારે ઈન્ડિયા બ્લોક મોટું વિરોધ-પ્રદર્શન કરશે.

વેણુગોપાલે પત્રકારો સાથે વાતચીત કરતાં આરોપ લગાવ્યો કે કાર્યકરોને દિલ્હી આવતાં રોકવામાં આવી રહ્યા છે અને તેઓ જ્યાં રોકાયા છે ત્યાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. બીજી તરફ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે રાહુલ ગાંધી સોમવારે CJI સૂર્યકાંત સાથે મુલાકાત કરશે. સાંજે 4થી 5 વાગ્યાની વચ્ચે મળવા માટે સમય માંગવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે અમે CJIને દેશમાં લોકશાહીની વર્તમાન સ્થિતિથી માહિતગાર કરીશું. તેમણે કેન્દ્ર સરકાર પર ચૂંટણી પંચની સ્વાયત્તતા નબળી પાડવાનો અને 'વોટ ચોરી' ચાલુ રાખવાનો આરોપ લગાવ્યો.

## લોકતંત્ર ક્યારેય સમાપ્ત ન થઇ શકે', દિલ્હીમાં પ્રદર્શન વચ્ચે ચિરાગ પાસવાનનું નિવેદન

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને INDIA ગઠબંધન અને કોંગ્રેસના વિરોધ પ્રદર્શન અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને અહીં શાંતિપૂર્ણ પ્રદર્શનની હંમેશા મંજૂરી રહી છે. જોકે, પ્રદર્શનના બહાને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરનારા



અસામાજિક તત્વોની ઓળખ કરવી પણ જરૂરી છે. તેમણે આરોપ લગાવ્યો કે તાજેતરના પ્રદર્શન દ્વારા દેશમાં અરાજકતાનો માહોલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને કેન્દ્ર સરકારે નિયંત્રિત કર્યો. ચિરાગ પાસવાને કહ્યું કે આંદોલનોએ સમયાંતરે દેશને દિશા આપવાનું અને નવા યુવા ચહેરાઓને આગળ લાવવાની તક પૂરી પાડવાનું કામ કર્યું છે. તેમના પિતા પણ વિદ્યાર્થી આંદોલનમાંથી આગળ આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે લોકશાહીમાં વિરોધ અને પ્રદર્શનનું સ્થાન છે, પરંતુ તેનો ઉપયોગ અરાજકતા ફેલાવવા માટે ન થવો જોઈએ.

## 'સમગ્ર દિલ્હીમાંથી બેરિકેડ્સ હટાવો...', CJPના દેખાવો વચ્ચે સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ, ગૃહ મંત્રાલયને ફટકારી નોટિસ

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર 10 ઓક્ટોબરે યોજાયેલા વિરોધ પ્રદર્શન બાદ સ્થિતિ વણસતાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ. પ્રદર્શન દરમિયાન વકીલો અને સામાન્ય નાગરિકોની અટકાયત તેમજ મેટ્રો સેવાઓ પ્રભાવિત થવા અંગે દાખલ થયેલી અરજીઓ પર જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેંચે મોટો આદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે, સમગ્ર દિલ્હીમાંથી તત્કાલ બેરિકેડ્સ હટાવવામાં આવે, મેટ્રો સેવાઓ નિયમિત સમયપત્રક મુજબ ચલાવવામાં આવે અને ઈન્ટરનેટ સેવાઓ બંધ ન કરવામાં આવે. ગૃહ મંત્રાલયને સુપ્રીમ કોર્ટે ફટકારી નોટિસ સુપ્રીમ કોર્ટે આદેશનું પાલન ન કરવાના આરોપ હેઠળ ગૃહ મંત્રાલયના સંબંધિત અધિકારીઓને નોટિસ ફટકારી હતી. સવાલ પણ પૂછ્યો કે તેમની સામે અવગણનાની કાર્યવાહી કેમ ના કરવી જોઈએ. આ મામલે સોગંદનામુ દાખલ કરવા પણ કહેવાયું છે. સુપ્રીમ કોર્ટે CJP પ્રદર્શન મામલે સુનાવણી કરતા આદેશ આપ્યો છે કે દિલ્હીમાં લોકોની અવરજવર રોકી શકાતી નથી. કોર્ટે મેટ્રોનું સંચાલન સામાન્ય રાખવા, ઈન્ટરનેટ સેવાઓ બહાલ કરવા, વકીલોને નહીં રોકવા અને શહેરભરમાંથી પોલીસ બેરિકેડિંગ હટાવી તેની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. એસજી તુષાર મહેતાએ જણાવ્યું કે શનિવારે 303 માંથી માત્ર 45 મેટ્રો સ્ટેશન જ બંધ કરાયા હતા. સુનાવણી દરમિયાન કોર્ટરૂમમાં વકીલો અને પોલીસ અધિકારીઓ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. વકીલોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે પ્રદર્શન દરમિયાન 10 ઓક્ટોબરે પોલીસે વકીલો સાથે મારપીટ કરી હતી અને સુપ્રીમ કોર્ટ પરિસરમાં પણ પોલીસની હાજરી સામે આપત્તિ દર્શાવી હતી. શરૂઆતમાં કોર્ટરૂમ નંબર 18માં વીડિયો કોન્ફરન્સિંગ લિંક કામ ન કરતી હોવાથી વકીલોની રજૂઆત બાદ સુનાવણી 15 મિનિટ સ્થગિત કરી કોર્ટરૂમ નંબર 5માં ખસેડવામાં આવી હતી

# ગાંધીનગર GMC ચૂંટણી એક્ઝિટ પોલ: પાટનગરમાં ભાજપનો દબદબો કે AAP-કોંગ્રેસ કરશે કમાલ? જુઓ સંપૂર્ણ રિપોર્ટ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ની ૪૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ હવે સૌની નજર પરિણામો પર મંડાયેલી છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે ખેલાયેલા ત્રિપાંખીયા જંગ બાદ જાહેર થયેલા એક્ઝિટ પોલના આંકડા દર્શાવે છે કે પાટનગરના મતદારોએ કયા પક્ષ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.



### એક્ઝિટ પોલના સીટોના અંદાજિત આંકડા (કુલ બેઠકો: 44)

બહુમતી માટે જરૂરી જાદુઈ આંકડો ૨૩ બેઠકોનો છે. વિવિધ સર્વેક્ષણોના આધારે સંભવિત આંકડા નીચે મુજબ છે:

ભારતીય જનતા પાર્ટી (BJP): ૩૨ થી ૩૬ બેઠકો (સંભવિત)

કોંગ્રેસ (INC): ૬ થી ૮ બેઠકો (સંભવિત)

આમ આદમી પાર્ટી (AAP): ૧ થી ૩ બેઠકો (સંભવિત)

અન્ય / અપક્ષ: ૦ થી ૧ બેઠક (સંભવિત)

વોટ શેર (મતની ટકાવારી) નો અંદાજ

ભાજપ: ૪૮% થી ૫૨%

કોંગ્રેસ: ૨૬% થી ૩૦%

આમ આદમી પાર્ટી: ૧૪% થી ૧૮%

અન્ય: ૪% થી ૬%

મતદાનના મુખ્ય આંકડા અને વિગતો

કુલ વોર્ડ: ૧૧

કુલ બેઠકો: ૪૪ (દરેક વોર્ડમાં ૪ બેઠકો)

અંદાજિત મતદાન: ૫૬.૫%

કુલ ઉમેદવારો: ૨૦૦થી વધુ ઉમેદવારોનું ભવિષ્ય ઈવીએમમાં કેદ.

### રાજકીય સમીકરણો અને વિશ્લેષણ

૧. ભાજપનું પલડું કેમ ભારે?

એક્ઝિટ પોલ મુજબ ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે ફરી સત્તા પર આવતો દેખાય છે. મજબૂત સંગઠન, પાટનગરમાં થયેલા વિકાસકામો અને સરકારી કર્મચારીઓનો ટેકો ભાજપને બહુમતી તરફ લઈ જઈ રહ્યો છે.

૨. કોંગ્રેસને સીટોનું નુકસાન

ગત ચૂંટણીઓની સરખામણીએ કોંગ્રેસને આ વખતે મોટું નુકસાન થવાની શક્યતા છે. વોટ શેર ઘટવા પાછળનું મુખ્ય કારણ આમ આદમી પાર્ટીનું સક્રિય પ્રદર્શન માનવામાં આવે છે.

૩. આમ આદમી પાર્ટીની એન્ટ્રી

AAP એ કેટલાક ચોક્કસ વોર્ડમાં મજબૂત પ્રચાર કર્યો હતો. આંકડા દર્શાવે છે કે AAP ખાતું ખોલાવવામાં સફળ રહેશે અને કોંગ્રેસના પરંપરાગત વોટ તોડીને 'વોટ કટર'ની ભૂમિકા ભજવશે.

નિષ્કર્ષ

એક્ઝિટ પોલના આંકડા ભાજપની કમ્ફર્ટેબલ બહુમતી તરફ ઈશારો કરે છે. જોકે, આ આંકડા માત્ર સર્વે પર આધારિત સંભવિત અંદાજ છે, આખરી અને ચોક્કસ પરિણામો મતગણતરીના દિવસે જ સ્પષ્ટ થશે.

## એક નજર...

### ટીના દત્તાનો અવતાર સોશિયલ મીડિયા પર વાયરલ થયો



ટીવી એક્ટ્રેસ ટીના દત્તા આજે પણ 'ઉતરન' શોમાં પોતાના પાત્ર ઈચ્છાના નામથી દરેક ઘરમાં ફેમસ છે. આ શો સાથે તે રાતોરાત સ્ટાર બની ગઈ હતી.

ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રી ટીના દત્તાએ તાજેતરમાં જ ગ્રીન અને પિંક કલરના ટ્રેડિશનલ ફ્લોરલ લહેંગા ચોલીમાં એક અત્યંત સુંદર અને રોયલ ફોટોશૂટ કરાવ્યું છે.

## NEWS TRACK

### આફ્રિકન દેશ જિબુતી નજીક દરિયામાં બોટ ડૂબી, 109નાં મોત:116 લોકો ગુમ, 350 લોકો સવાર હતા

આફ્રિકન દેશ જિબૂતી પાસે દરિયામાં પ્રવાસીઓથી ભરેલી બોટ ડૂબી જતાં 109 લોકોનાં મોત થયા છે, જ્યારે 116 લોકો લાપતા છે. બોટમાં લગભગ 350 લોકો સવાર હતા. અકસ્માતમાં 80થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની આંતરરાષ્ટ્રીય સ્થળાંતર સંસ્થા (IOM) અનુસાર, તમામ જીવિત બચેલા લોકો ઈથિયોપિયાના નાગરિકો છે. અકસ્માત 8 અને 9 ઑક્ટોબરની મધરાત દરમિયાન જિબૂતીના ઓબોક શહેરની ઉત્તરે થયો હતો. IOM અનુસાર, અકસ્માત બાદ અત્યાર સુધીમાં 109 મૃતદેહો મળી આવ્યા છે. તેમાં 52 પુરુષો, 42 મહિલાઓ અને 15 બાળકોનો સમાવેશ થાય છે. બાળકોમાં 9 છોકરીઓ અને 6 છોકરાઓ છે. દુર્ઘટનામાં બચી ગયેલા લોકોએ જણાવ્યું કે નાવ જિબૂતીથી યમન જઈ રહી હતી. આ દરમિયાન તે દરિયામાં પલટી ગઈ. ગુમ થયેલા લોકોની શોધ અને અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે IOMની ટીમો જિબૂતીના અધિકારીઓ સાથે મળીને કામ કરી રહી છે.

### પાકિસ્તાનના ખૈબર-પખ્તૂનખ્વામાં ઈમરાનની પાર્ટીની સરકાર બરતરફ: ઈમરજન્સી લાગુ

પાકિસ્તાનની શહબાઝ શરીફ સરકારે રવિવારે ખૈબર-પખ્તૂનખ્વા પ્રાંતમાં ઈમરજન્સી લાગુ કરીને સરકારને બરતરફ કરી દીધી. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ તેની જાહેરાત કરી. અહીં ઈમરાન ખાનની પાર્ટી PTIની સરકાર છે. ખૈબર-પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ અફરીદી ભૂતપૂર્વ વડાપ્રધાનની મુક્તિની માંગને લઈને સમર્થકો સાથે 4 ઑક્ટોબરથી ઈસ્લામાબાદ તરફ માર્ચ કરી રહ્યા હતા. હવે તેમને પોતાનું પદ છોડવું પડશે. શહબાઝ સરકારનો આરોપ છે કે PTI સરકાર પ્રાંતમાં આતંકવાદ સામેની લડાઈમાં જાણીજોઈને સહયોગ કરી રહી નથી. પાકિસ્તાન સરકાર આતંકવાદને સહન કરશે નહીં. ઈમરજન્સી લાગુ કરવાનો નિર્ણય વડાપ્રધાન શહબાઝ શરીફની અધ્યક્ષતામાં યોજાયેલી કટોકટી કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો. બેઠકમાં પ્રાંતની સુરક્ષા સ્થિતિ અંગે ચર્ચા થઈ. સરકારે બંધારણની કલમ 232 અને 234 હેઠળ ઈમરજન્સી અને ગવર્નર શાસન લાગુ કરવાનો નિર્ણય કર્યો. જોકે, પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી PTIએ આ પગલાનો વિરોધ કર્યો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# બિસ્માર રસ્તાઓ અને ખનન માફિયાઓની દાદાગીરી સામે કરજણ કોંગ્રેસનું અનોખું હથિયાર

## હવે જનતા હસ્તાક્ષર અભિયાનથી ઉઠાવશે અવાજ, હપ્તાખોરીના આક્ષેપોથી તંત્રમાં ખળભળાટ!



વડોદરા

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં રોડ-રસ્તાઓની અત્યંત બિસ્માર હાલત અને ખનન માફિયાઓની ખુલ્લેઆમ દાદાગીરી સામે હવે જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. વિસ્તારના માર્ગો પર પડેલા મોટા મોટા ખાડા અને ધૂળના ગોટેગોટાથી તંગ આવી ગયેલી જનતા માટે હવે કરજણ કોંગ્રેસે લડતનું નવું અને અનોખું શસ્ત્ર ઉગામ્યું છે. તંત્રની ઘોર નિંદ્રા ઉડાડવા માટે કોંગ્રેસ દ્વારા વ્યાપક સહી ઝુંબેશ (હસ્તાક્ષર અભિયાન) શરૂ કરવામાં આવી છે, જેમાં હજારો સ્થાનિક નાગરિકો જોડાઈને પ્રશાસન સામે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, તાલુકામાં ભૂમાફિયાઓ અને રેતી ખનન કરનારાઓ દ્વારા નદી-નાળાઓમાંથી બેફામ અને ગેરકાયદેસર રીતે રેતીનું ઉત્ખનન કરવામાં આવી રહ્યું છે. આ રેતી ભરીને દિવસ-રાત દોડતા ક્ષમતા કરતા વધુ ઓવરલોડ ડમ્પર અને ટ્રકોના કારણે લાખો-કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ થોડા જ સમયમાં ધોવાઈ જાય છે અને બિહામણા ખાડાઓમાં ફેરવાઈ જાય છે. આ બિસ્માર રસ્તાઓના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે, જેમાં અનેક નિરપરાધ વાહનચાલકોએ પોતાના જીવ ગુમાવ્યા છે કે ગંભીર ઈજાઓ ભોગવવી પડી છે.

આ સમગ્ર કાળા કારનામા સામે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, જિલ્લા ટ્રાફિક પોલીસ અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, ખનન માફિયાઓ અને ઓવરલોડ વાહનચાલકો પાસેથી ચાલતા કથિત 'હપ્તા રાજ' અને સેટિંગના કારણે જવાબદાર અધિકારીઓ મૌન ધારણ કરીને બેસી રહ્યા છે. જો પોલીસ કે ટ્રાફિક બ્રિગેડ ઈચ્છે તો એક પણ ઓવરલોડ વાહન રસ્તા પર ન દોડી શકે, પરંતુ આર્થિક સ્વાર્થ માટે નાગરિકોની જિંદગી દાવ પર લગાવાઈ રહી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. શાસક પક્ષ અને તંત્રની લાપરવાહી સામે હવે કરજણ કોંગ્રેસ જનતાની અદાલતમાં પહોંચી છે. દરેક ગામડાઓ અને મુખ્ય ચોકો પર સહી ઝુંબેશ ચલાવીને લોકોની સહીઓ એકઠી કરવામાં આવી રહી છે, જેને ઉચ્ચ કક્ષાએ પ્રશાસન અને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે. વિરોધ પ્રદર્શન કરી રહેલા નેતાઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક ધોરણે ઓવરલોડ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં નહીં આવે અને બિસ્માર રસ્તાઓનું નવું નિર્માણ નહીં થાય, તો આગામી દિવસોમાં ચક્કાજામ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## પંજાબને હલાવી દેનાર 'મેડ સંધુ હત્યા કેસ'ના ખૂંખાર આરોપીઓ ગુજરાતમાંથી ઝડપાયા: ગુજરાત ATS અને વલસાડ SOGનું મેગા ઓપરેશન!

વલસાડ

પંજાબમાં સનસનાટી મચાવી દેનાર ચકચારી 'મેડ સંધુ હત્યા કેસ'ના મુખ્ય આરોપીઓ આખરે ગુજરાત પોલીસના સકંજામાં આવી ગયા છે. ગુજરાત એટીએસ (ATS) અને વલસાડ એસઓજી (SOG) દ્વારા એક ઘાતક અને પરાક્રમી ઓપરેશન હાથ ધરીને હત્યાકાંડને અંજામ આપીને નાસી છૂટેલા ત્રણ કુખ્યાત શખ્સોને વાપીમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. આ સફળ ઓપરેશને ગુજરાત પોલીસની સતર્કતા ફરી એકવાર સાબિત કરી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૩ ઓક્ટોબરના રોજ પંજાબના અમૃતસર ખાતે આવેલા લોહરકા રોડ પર કાર વોશિંગ સેન્ટર નજીક ગોળીબારની એક ભયાનક ઘટના બની હતી. અજાણ્યા હુમલાખોરોએ આડેધડ ફાયરિંગ કરીને મેડ સંધુ નામના યુવકની નિર્દયતાપૂર્વક હત્યા કરી નાખી હતી. આ સનસનાટીભર્યા મર્ડર બાદ પંજાબ પોલીસ હરકતમાં આવી હતી અને દેશભરમાં આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પંજાબમાં લોહિયાળ ખેલ રમીને ફરાર થઈ ગયેલા ખૂંખાર અપરાધીઓ ગુજરાત તરફ ભાગી છૂટ્યા હોવાની ખાનગી અને પાકી બાતમી ગુજરાત એટીએસને મળી હતી. બાતમીના આધારે એટીએસની ટીમે ત્વરિત ચક્રો ગતિમાન કર્યા હતા. વલસાડ એસઓજીની સચોટ મદદ અને સ્થાનિક પોલીસના સહયોગથી વાપી વિસ્તારમાં ફાંદા ગોઠવવામાં આવ્યા હતા. એટીએસની ટીમે ફિલ્મીઢબે દરોડો પાડીને મેડ સંધુ હત્યા કેસના ત્રણ મુખ્ય વોન્ટેડ આરોપીઓ–હરસિમરનજીત સિંહ ઉર્ફે સીમુ સિગ્ગા, ફતેહ સિંહ અને અરમાન સિંહને દબોચી લીધા હતા.

## વરસાદ વિના પાક બરબાદ: મહારાષ્ટ્રની જેમ ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો! રાઘવજી પટેલ ખેડૂતોના હિતમાં મેદાને!

ગાંધીનગર

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં અપેક્ષા કરતાં અત્યંત ઓછો અને અસમાન વરસાદ નોંધાતાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતો પર આકાશી આફત આવી પડી છે. ખેતરોમાં પાણીના અભાવે પાક સુકાઈ રહ્યો છે અને જગતનો તાત આર્થિક પાયમાલીના આરે આવીને ઊભો છે.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે ખેડૂતો અને પશુપાલકોની વ્હારે આવીને સરકાર સમક્ષ ધારદાર રજૂઆત કરી છે. મહારાષ્ટ્ર સરકારની તર્જ પર ગુજરાતના પણ અછતગ્રસ્ત તાલુકાઓને તાત્કાલિક અસરથી 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરીને ખાસ રાહત પેકેજ આપવાની ઉગ્ર માંગ ઉઠી છે.

સરકારી આંકડાઓ જ ચોમાસાની નિષ્ફળતાની ચાડી ખાઈ રહ્યા છે. આંકડાઓ મુજબ, દેવભૂમિ દ્વારકામાં માત્ર ૧૬.૪૫ ટકા, પોરબંદરમાં ૩૦ ટકા, જામનગરમાં ૪૩ ટકા અને કચ્છ જિલ્લામાં અંદાજે ૫૭.૯૦ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. વરસાદ ખેંચાતાં સિંચાઈ અને પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. મોંઘાદાટ બિયારણ, ખાતર અને મહેનત કરી વાવેલો પાક નજર સામે બળીને ખાખ થઈ રહ્યો છે, જેના કારણે ખેડૂતોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

### વિદ્યાના ધામમાં 'ગુરુ'ના નામે કાળો ડાઘ

## સાયન્સ ફેકલ્ટીના પ્રોફેસર સામે અગાઉની ફરિયાદો છતાં કાર્યવાહી શૂન્ય, NSUIના હલ્લાબોલથી MSU કેમ્પસ ગુંજી ઉઠ્યું!

વડોદરા

વડોદરાની વિશ્વવિખ્યાત એમ.એસ. યુનિવર્સિટી (MSU) ની સાયન્સ ફેકલ્ટીમાં મોટો ભડકો થયો છે. જે યુનિવર્સિટીને વિદ્યાનું ધામ ગણવામાં આવે છે, તે જ ફેકલ્ટીના એક પ્રોફેસરના વિવાદસ્પદ અને અયોગ્ય વર્તનને લઈને વિદ્યાર્થી આલમમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પ્રોફેસર સામે ભૂતકાળમાં અનેક ગંભીર ફરિયાદો થઈ હોવા છતાં આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતાં વિવાદ વધુ વકર્યો છે. આ મામલે હવે NSUI (નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા) મેદાનમાં આવ્યું છે અને કેમ્પસમાં રણશિંગું ફૂંકી દીધું છે. વિદ્યાર્થીનીઓની સુરક્ષા અને શૈક્ષણિક વાતાવરણની જાળવણીના મુદ્દે NSUI ના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈને સાયન્સ ફેકલ્ટીના ડીનની કચેરીએ પહોંચ્યા હતા. કાર્યકરોએ ફેકલ્ટી પરિસરમાં યુનિવર્સિટી તંત્ર અને સંબંધીત પ્રોફેસર વિરુદ્ધ કાનપાડુ સૂત્રોચ્ચાર કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. NSUI એ સાયન્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર સુપ્રત કરીને કડક શબ્દોમાં માગ કરી હતી કે: અગાઉ થયેલી તમામ ફરિયાદોની નિષ્પક્ષ તપાસ કરીને ત્વરિત કાનૂની અને શિસ્તભંગના પગલાં લેવામાં આવે. પ્રોફેસરનું અયોગ્ય વર્તન હજુ પણ યથાવત્ હોવાથી વિદ્યાર્થીનીઓ અત્યંત અસુરક્ષિત અનુભવી રહી છે, તેથી તેમને તાત્કાલિક શૈક્ષણિક કામગીરીથી દૂર કરવામાં આવે. જો વહેલી તકે કડક કાર્યવાહી નહીં થાય તો આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે. બીજી તરફ, સમગ્ર મામલે ભારે રોષ અને વિરોધ વચ્ચે સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો. વી. એ. કરમરકરે સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ચાર મહિના દરમિયાન સંબંધિત પ્રોફેસર સામે જેટલી પણ ફરિયાદો મળી છે, તે તમામ બાબતોને ગંભીરતાથી લેવામાં આવી રહી છે અને તેની તપાસ ચાલુ છે. ડીને વધુમાં ઉમેર્યું હતું કે આ પ્રોફેસર સરકારી કર્મચારીનો દરજ્જો ધરાવતા હોવાથી તેમની સામે કોઈ પણ સીધી કે આકરા પ્રહારરૂપ કાર્યવાહી કરતા પહેલાં સરકારી નિયમો, પ્રોટોકોલ અને ચોક્કસ પ્રક્રિયાઓનું પાલન કરવું અનિવાર્ય બને છે.

## દાંતાના બગીચા વિસ્તારમાં દારૂની હોમ ડિલિવરી! નંબર પ્લેટ વગરની બ્લ્યુ જુપીટર બની બુટલેગરની પાર્સલ સેવા

દાંતા

બગીચામાં ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ, વેપારીઓમાં ફફડાટ : પોલીસ, હોમગાર્ડ કે GRD નો ક્યાંય અતો-પતો નહીં દાંતા પોલીસની નાક નીચે જ બુટલેગરો બેફામ બન્યા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. દાંતાના હાર્દ સમા બગીચા વિસ્તારમાં અંગ્રેજી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યાની બુમરાડ ઉઠવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બગીચા વિસ્તારમાં એક બ્લ્યુ કલરની નંબર પ્લેટ વગરની જુપીટર મોપેડ પર બુટલેગર ડીકીમાં અંગ્રેજી દારૂની બોટલો ભરીને ખુલ્લેઆમ હોમ ડિલિવરી કરી રહ્યો છે. જાણે સ્વીગી-ઝોમેટો ની જેમ દારૂની ડિલિવરી કરવામાં આવી રહી છે. આટલું જ નહીં, આ વિસ્તારમાં અંગ્રેજી દારૂની સાથે સાથે દેશી દારૂનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જેના કારણે સ્થાનિક વેપારીઓમાં પણ ભારે ડર જોવા મળી રહ્યો છે. વેપારીઓ દુકાનો ખુલ્લી રાખતા પણ ડરી રહ્યા છે, કારણ કે દારૂ પીને આવતા અસામાજિક તત્વો અવારનવાર બબાલ કરે છે.વર્ષોથી ચાલે છે ધંધો, તંત્ર મૌન!* બગીચા વિસ્તારમાં આ દારૂનો ધંધો આજકાલનો નથી, પરંતુ વર્ષોથી ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. નવાઈની વાત તો એ છે કે, આટલા ભરચક વિસ્તારમાં એક પણ પોલીસકર્મી, હોમગાર્ડ કે GRD જવાન નજરે પડતો નથી. પોલીસ પેટ્રોલિંગ પણ આ વિસ્તારમાં નહિવત જોવા મળે છે, જેના કારણે બુટલેગરોને ફાવટ મળી ગઈ છે.

## નવરાત્રીમાં ગુજરાત પોલીસ એક્શનમાં! 22 હજારથી વધુ જાહેર ગરબા સ્થળોએ ચુસ્ત બંદોબસ્ત, 49 શી-ટીમ તૈનાત

ગાંધીનગર

આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. રાજ્યના નાગરિકો નિર્ભય બનીને ગરબે ઘૂમી શકે તે હેતુથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યના સંવેદનશીલ મહાનગરોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી નોંધાયેલા કુલ 22 હજારથી વધુ જાહેર ગરબા સ્થળોએ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. મહોત્સવોમાં લાખો ખેલૈયાઓ ગરબે ઘૂમશે. તેને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરરીને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સ્પષ્ટ આદેશો આપ્યા છે. આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. ગુજરાતમાં નવરાત્રી શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે રાજ્યના ડીજીપી દ્વારા તમામ જિલ્લા ના એસ.પી , તમામ શહેરના પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ સાથે મિટિંગ કરી હતી.

## ડભોઈના વડોદરી ભાગોળમાં પાઈપ-લાઈનનું ખોદકામ કરી તંત્ર ઘોર નિંદ્રામાં

### 20 દિવસથી ખુલ્લા ખાડાને કારણે ટ્રાફિકજામ અને અકસ્માતનો ભય

ડભોઈ

ડભોઈ નગરપાલિકાની અસંવેદનશીલતા અને બેદરકારીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે, જ્યાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવાની કામગીરી સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે માથાનો અસહ્ય દુખાવો બની ગઈ છે. નગરના અતિ વ્યસ્ત અને પ્રવેશદ્વાર સમાન ગણાતા વડોદરી ભાગોળ વિસ્તારમાં પાઈપલાઈન નાખવા માટે મોટો અને ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ અત્યંત શરમજનક બાબત એ છે કે છેલ્લા ૨૦ દિવસથી આ કામગીરી અડધી મૂકીને તંત્ર અને કોન્ટ્રાક્ટર ભૂલી ગયા હોય તેમ લાગી રહ્યું છે. આ અધૂરા કામના કારણે સ્થાનિક લોકો અને વેપારીઓમાં ભારે રોષનો ભડકો થયો છે. વડોદરી ભાગોળ એ ડભોઈ શહેરનો મુખ્ય અને સતત અવરજવરથી ધમધમતો માર્ગ છે, જ્યાંથી દરરોજ હજારો વાહનો અને નાગરિકો પસાર થાય છે. રસ્તાની વચ્ચોવચ ખોદાયેલા આ ઊંડા ખાડાના લીધે મુખ્ય માર્ગ અત્યંત સાંકડો બની ગયો છે. જેના કારણે



ખાસ કરીને પીક અવર્સ દરમિયાન વાહનોની લાંબી કતારો લાગે છે અને દિવસભર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે. સૌથી ભયાનક બાબત તો એ છે કે રાત્રિના સમયે આ ખુલ્લા ખાડા પાસે કોઈ યોગ્ય સાઈનબોર્ડ, રેડ લાઈટ કે બેરિકેડિંગ પણ મૂકવામાં આવ્યું નથી. અંધારામાં પસાર થતા અજાણ્યા વાહનચાલકો માટે આ ખાડો ગંભીર કે પ્રાણઘાતક અકસ્માતને ખુલ્લું આમંત્રણ આપી રહ્યો છે. ખોદકામમાંથી નીકળેલી માટીના મોટા મોટા ઢગલાઓ રસ્તા પર જ પડ્યા હોવાથી વાહનોની અવરજવર સાથે ધૂળની ગંભીર ડમરીઓ ઊડે છે. આ ધૂળના કારણે આસપાસના સ્થાનિક દુકાનદારો અને વેપારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. માર્ગ અવરોધાતા અને ધૂળના કારણે ગ્રાહકોની અવરજવર ઘટી ગઈ છે, જેની સીધી માઠી અસર વેપારીઓના ધંધા-રોજગાર પર પડી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ૨૦ દિવસથી વિનંતીઓ કરવા છતાં પાલિકા કે સંબંધિત કોન્ટ્રાક્ટરે પેટનું પાણી પણ હલાવ્યું નથી. ડભોઈની પ્રજા અને સ્થાનિક વેપારીઓ હવે તાકીદે પાઈપલાઈનનું કામ પૂરું કરીને રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવે તેવી ઉગ્ર માગ કરી રહ્યા છે.

### શક્તિ, સંસ્કાર અને સનાતન સંસ્કૃતિના સંરક્ષણનો સંદેશ

## નવરાત્રીના પ્રથમ દિવસે ભારત રક્ષા મંચ દ્વારા ભવ્ય દુર્ગા દોડનું આયોજન

અમદાવાદ

નવરાત્રીના પાવન પર્વના પ્રથમ દિવસે ભારત રક્ષા મંચ દ્વારા અમદાવાદમાં ભવ્ય દુર્ગા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. નારી શક્તિ, રાષ્ટ્રભક્તિ, સનાતન સંસ્કૃતિ અને સામાજિક એકતાનો સંદેશ આપતી આ દુર્ગા દોડમાં મોટી સંખ્યામાં કાર્યકરો, યુવાનો અને ધર્મપ્રેમી નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.



દુર્ગા દોડનો શુભારંભ રાયખડ સ્થિત કાશી વિશ્વનાથ મંદિરથી કરવામાં આવ્યો. પરંપરાગત ધાર્મિક વિધિ-વિધાન સાથે માતા શક્તિનું સ્મરણ કરી દોડની શરૂઆત કરવામાં આવી. માર્ગમાં વિવિધ સ્થળોએ નાગરિકો અને શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર દોડમાં જોડાયેલા ભાગીદારોનું સ્વાગત કર્યું. ભારત રક્ષા મંચના કાર્યકરો હાથમાં ભગવા ધ્વજ અને ધાર્મિક ધ્વજ લઈને 'જય માતા દી', 'ભારત માતા કી જય' તથા 'વંદે માતરમ્'ના જયઘોષ સાથે વાતાવરણને ભક્તિમય અને રાષ્ટ્રભક્તિથી ઓતપ્રોત બનાવી દીધું. દુર્ગા દોડનો સમાપન અમદાવાદના લાલ દરવાજા સ્થિત નગરદેવી શ્રી ભદ્રકાળી માતા મંદિર ખાતે થયો. અહીં પહોંચીને હાજર તમામ શ્રદ્ધાળુઓ અને કાર્યકરોને માતા ભદ્રકાળીના દર્શન અને પૂજન કર્યા તથા રાષ્ટ્રની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સમાજમાં એકતા-સદભાવ માટે પ્રાર્થના કરી. આયોજકોએ જણાવ્યું કે નવરાત્રી માત્ર શક્તિની આરાધનાનો પર્વ નથી, પણ સમાજમાં નારી સન્માન, આત્મબલ, સંસ્કાર અને રાષ્ટ્ર ચેતના જાગૃત કરવાનો અવસર પણ છે. દુર્ગા દોડ દ્વારા યુવા પેઢીને ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાઓ સાથે જોડવા તેમજ સમાજમાં સકારાત્મક ઊર્જા અને રાષ્ટ્રીય ભાવનાને મજબૂત કરવાનો સંદેશ આપવામાં આવ્યો. આ અવસર પર ભારત રક્ષા મંચના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન પ્રમુખ ડૉ. ઈલેવાન ઠાકર, ગંગા સમગ્રના ગુજરાત પ્રાંતના સંયોજક અરુણસિંહ રાજપૂત, ભારત રક્ષા મંચના પ્રાંત ઉપપ્રમુખ નવીનભાઈ સેવક, ગોપાલભાઈ ઉપાધ્યાય, નારાયણ ભોઈટ, ભારત રક્ષા મંચ અમદાવાદના અધ્યક્ષ રમેશ ભરવાડ, ગંગા સમગ્રની ક્ષમા બહેન સેઠ, ગૌરાંગ પંડ્યા સહિત અનેક ગણમાન્ય બાંધવો અને કાર્યકરો હાજર રહ્યા.

## બાપુનગરમાં લગ્નના નામે છેતરપિંડીનો આક્ષેપ, 3 લાખ પડાવ્યા બાદ પત્ની દાગીના લઈને ફરાર

અમદાવાદ

અમદાવાદના બાપુનગરમાં એક 38 વર્ષીય યુવક સાથે લગ્ન કરાવી રૂ. 3 લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. પત્ની ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગઈ હતી. પૈસા પાછા માંગતા પત્ની, સાસુ, સાળા અને વચેટિયાએ બળાત્કાર કેસ કરવાની ધમકી આપી હતી. બાપુનગર પોલીસે 4 લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બાપુનગર વિસ્તારમાં લગ્ન કરાવી રૂ. 3 લાખ પડાવી લીધા બાદ પત્ની ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયાનો કિસ્સો સામે આવ્યો છે. કાલુપુર સીટી સેન્ટરની એક દુકાનમાં નોકરી કરતા 38 વર્ષીય યુવકના પરિવારે નાણાં પરત માગતાં પત્ની સહિત સાસરીપક્ષના લોકોએ બંને ભાઈઓ સામે બળાત્કારનો કેસ કરવાની અને ઘરે આવી જીવનનો અંત આણવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે. આ મામલે બાપુનગર પોલીસે પત્ની, સાસુ, સાળા અને લગ્ન કરાવનાર વચેટિયા સહિત ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, બાપુનગરમાં રહેતા પરિવારના નાના પુત્રનાં લગ્ન માટે તેમના એક કૌટુંબિક સગા મારફતે વચેટિયા સુરેશભાઈ લહેરીચંદજી જૈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

## અમદાવાદ અને સુરતમાં તંત્રની ખુલ્લી ગટરોએ લીધો બે માસૂમ દીકરીઓનો ભળભળતો ભોગ, જવાબદાર કોણ?

### અગાઉ પણ અનેક માસૂમોએ આવી જ બેદરકારીના કારણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે, છતાં જવાબદાર એન્જિનિયરો, અધિકારીઓ કે લાપરવાહ કોન્ટ્રાક્ટરો સામે કોઈ કડક ફોજદારી પગલાં લેવામાં આવતા નથી

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના મહાનગરોને 'સ્માર્ટ સિટી' બનાવવાના મોટા-મોટા દાવાઓ અને કરોડો રૂપિયાની જાહેરાતો કરવામાં આવી રહી છે, પરંતુ હકીકત એ છે કે વિકાસના આ ચમકતા બોર્ડ પાછળ તંત્રની ઘોર બેદરકારી માસૂમ બાળકોના જીવ લઈ રહી છે. રાજ્યના બે સૌથી મોટા અને વિકસિત મહાનગરો ગણાતા અમદાવાદ અને સુરતમાંથી અત્યંત હૃદયદ્રાવક અને રોષે ભરાયેલી ઘટનાઓ સામે આવી છે. જ્યાં તંત્રની લાપરવાહીથી બનેલી ખુલ્લી અને જોખમી ગટરોમાં પડી જવાથી બે માસૂમ દીકરીઓના દર્દનાક મોત નીપજ્યા છે. આ ઘટનાએ સમગ્ર રાજ્યના વાલીઓ અને નાગરિકોને હચમચાવી દીધા છે. એક તરફ અમદાવાદ મહાનગરપાલિકા (AMC) ના વિસ્તારોમાં અને બીજી તરફ સુરત મહાનગરપાલિકા (SMC) ની હદમાં તંત્રની આંખ આડા કાન નીતિના કારણે ગટરો ખુલ્લી અથવા જોખમી હાલતમાં છોડી દેવામાં આવી હતી. રમતગમતની ઉંમરે પહોંચેલી નાની બાળકીઓ જ્યારે પોતાના ઘર આસપાસ કે ગલીઓમાં હતી, ત્યારે અચાનક આ કાળમુખી ખુલ્લી ગટરોમાં ગરકાવ થઈ ગઈ હતી. પરિવારજનો જ્યારે પોતાની લાડકવાઈઓને શોધવા નીકળ્યા ત્યારે ગટરમાંથી તેમના નિષ્પ્રાણ દેહ બહાર આવ્યા હતા. દીકરીઓના અચાનક અને દર્દનાક મોતથી શોકમગ્ન બનેલા પરિવારોનો આક્રંદ જોઈને પથ્થર પણ પીગળી જાય તેવી કરુણ સ્થિતિ સર્જાઈ હતી. સ્માર્ટ સિટીના દાવા પોકળ: પ્રજાના ટેક્સના પૈસા જાય છે ક્યાં? આ દુર્ઘટના બાદ શહેરીજનોમાં પ્રશાસન અને સત્તાધીશો સામે આસમાને પહોંચેલો રોષ ફેલાયો છે. જનતા ખુલ્લેઆમ સવાલો કરી રહી છે કે: જો આને 'સ્માર્ટ સિટી' કહેવામાં આવતું હોય, તો શું ગટરોના ખુલ્લા ઢાંકણાં અને મોતના કુવાઓ જ સ્માર્ટ સિટીની ઓળખ છે? મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનમાં કરોડો રૂપિયાનો ટેક્સ ભરતી જનતા શું પોતાના બાળકોના ભોગ આપવા માટે જીવી રહી છે? અગાઉ પણ અનેકવાર ખુલ્લી ગટરો અને મેનહોલના કારણે દુર્ઘટનાઓ સર્જાઈ છે.

દિવાળી માટે એસટી વિભાગની ખાસ વ્યવસ્થા

# દિવાળીમાં વતન જવા 1,600 એક્સ્ટ્રા બસો દોડશે, જરૂર પડશે તો સંખ્યા 2,500 સુધી વધશે

DyCM હર્ષ સંઘવીની જાહેરાત; સુરતથી સૌરાષ્ટ્ર માટે ધારુકા કોલેજ અને પંચમહાલ સહિતના વિસ્તારો માટે સેન્ટ્રલ બસ સ્ટોપ પરથી મળશે સુવિધા




ગાંધીનગર

દિવાળીના તહેવારમાં વતન જવાની તૈયારી કરતા સુરતના મુસાફરો માટે એસટી વિભાગ તરફથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. DyCM હર્ષભાઈ સંઘવીએ વધારાની બસો, એડવાન્સ બુકિંગ અને મુસાફરોને સસ્તી મુસાફરી મળે તે અંગે મોટી વાત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જનારાઓ માટે અલગ વ્યવસ્થા અંગે માહિતી આપવામાં આવી છે. મુસાફરોની માંગ વધશે તો બસોની સંખ્યામાં પણ મોટો ફેરફાર થઈ શકે છે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે.

દિવાળીના તહેવાર (Diwali 2026) દરમિયાન વતન જતા મુસાફરોને સરળ અને સસ્તી પરિવહન સુવિધા મળી રહે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સુરતમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી (Harsh Sanghavi)એ દિવાળી વેકેશન દરમિયાન 1600 વધારાની એસટી બસો દોડાવવાની જાહેરાત કરી છે. મુસાફરોની જરૂરિયાત પ્રમાણે બસોની સંખ્યા વધારીને 2500 સુધી કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

દિવાળીના વેકેશનમાં સુરતથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દાહોદ, ગોધરા અને પંચમહાલ સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો વતન જતા હોય છે. આ મુસાફરોની સુવિધા માટે એસટી વિભાગ દ્વારા વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.

DyCN હર્ષભાઈ સંઘવીએ આપેલી માહિતી પ્રમાણે સૌરાષ્ટ્ર તરફ જતા મુસાફરોને ધારુકા કોલેજથી બસની સુવિધા મળશે. જ્યારે પંચમહાલ સહિતના વિસ્તારોમાં જવા માટે સેન્ટ્રલ બસ સ્ટોપ પરથી બસો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

GSRTCની 'ST આપના દ્વાર' યોજના અંતર્ગત મુસાફરોને તેમના ઘરેથી ગ્રૂપ બુકિંગની સુવિધા આપવામાં આવે છે. નાગરિકોને એડવાન્સ બુકિંગ કરાવવા અપીલ કરી છે, જેથી મુસાફરોની માંગ પ્રમાણે વધારાની બસો અંગે આયોજન કરી શકાય.

## સુરતમાં ડાઘાદાર વ્યવહાર: હર્ષ પંક્યા આપઘાત કેસમાં બે મહિલા ડોક્ટર સહિતના આરોપીઓની ધરપકડથી ખળભળાટ!

સુરત

સુરતની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર વિવાદ અને શરમજનક ઘટનાને લઈને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. મેડિકલ જગતને હચમચાવી નાખનારા હર્ષ પંક્યા આપઘાત કેસમાં હવે કાયદાનો ગાળિયો કસાતો જઈ રહ્યો છે. કથિત રેગિંગ અને માનસિક ત્રાસથી કંટાળીને એક યુવાન ડોક્ટરે પોતાની જીવનલીલા સંકેલી લેવી પડે, તે ઘટના સમગ્ર શિક્ષણ જગત અને સ્વાસ્થ્ય તંત્ર પર એક કાળો ડાઘ સમાન છે. આ સંવેદનશીલ મામલામાં હવે પોલીસે મોટું પગલું ભરતા બે મહિલા ડોક્ટરની ધરપકડ કરી લીધી છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, સુરતની સિવિલ હોસ્પિટલમાં પ્રેક્ટિસ કે અભ્યાસ સાથે જોડાયેલા હર્ષ પંક્યાએ કથિત રેગિંગ અને સતત આપવામાં આવતા માનસિક ત્રાસથી કંટાળીને આત્મહત્યા જેવું અંતિમ અને અત્યંત પીડાદાયક પગલું ભર્યું હતું. એક તેજસ્વી યુવાનને આપઘાત કરવા મજબૂર કરનાર આ પ્રકરણમાં શરૂઆતથી જ દબાયેલી ચર્ચાઓ ચાલી રહી હતી, પરંતુ હવે તપાસના ચક્રોગતિશીલ બનતા ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોમાં ચાલતા દૂષણો સામે આ ઘટનાએ મોટો સવાલ ઊભો કર્યો છે કે શું હવે ભવિષ્યના તબીબો જ પોતાના જુનિયરોના જાનના દુશ્મન બનશે? આ ગંભીર કેસમાં તપાસ લંબાવતા ખટોદરા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત અહેવાલો મુજબ, પોલીસે મહિલા ડોક્ટર હિના ભૂત અને દીક્ષિતા ઘેવરિયાની ધરપકડ કરી લીધી છે.

લોકશાહીના રક્ષણની લડાઈ કે અંશતઃ અઘોષિત કટોકટી?

## અમદાવાદમાં મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે ભડકો, વરિષ્ઠ લેખક પ્રકાશ ન. શાહના ગરવા ઉદ્ગારો!

અમદાવાદ

ગુજરાતની ભૂમિ પર ફરી એકવાર લોકશાહી અને નાગરિક અધિકારોના મુદ્દે રાજકારણ ગરમાયું છે. અમદાવાદમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) વિરુદ્ધ ચાલી રહેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનોએ ત્યારે મોટું સ્વરૂપ ધારણ કર્યું જ્યારે પોલીસે હિલચાલ કરીને અટકાયતનું સત્ર આદર્યું. આ આંદોલન વચ્ચે રાજ્યના જાણીતા વરિષ્ઠ લેખક, ચિંતક અને સામાજિક કાર્યકર્તા પ્રકાશ ન. શાહે આપેલા નિવેદને સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી દીધી છે. અમદાવાદમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં લોકશાહીના મૂલ્યો અને બંધારણીય અધિકારોના રક્ષણ માટે અનેક આગેવાનો અને નાગરિકો રસ્તા પર ઉતર્યા હતા. આ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનને ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા ભારે ફોર્સ ગોઠવવામાં આવ્યો હતો અને પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી. આ અટકાયત કરાયેલાઓમાં વરિષ્ઠ ગુજરાતી લેખક પ્રકાશ ન. શાહ પણ સામેલ હતા, જેમણે જૈફ વયે પણ લોકશાહીની રક્ષા માટે ખાખીના પહેરા સામે અડગ રહીને સવાલો ઉઠાવ્યા હતા. અટકાયત વેળાએ અને વિરોધ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા પ્રકાશ ન. શાહે અત્યંત બેધડક અને ધારદાર અંદાજમાં વર્તમાન પરિસ્થિતિ પર પ્રહાર કર્યા હતા. તેમણે ભૂતકાળના કાળા દિવસોને યાદ કરતા પીડા વ્યક્ત કરી હતી કે, 'કટોકટી વખતે જ્યારે હું જેલમાં ગયો હતો, ત્યારે મને સપનેય કલ્પના નહોતી કે આઝાદ ભારતમાં લોકશાહીના મૂલ્યોની આ હાલત થશે અને નાગરિકોને પોતાના હક માટે આ રીતે લડવું પડશે.'

તેમનું આ નિવેદન વર્તમાન રાજકીય અને પ્રશાસનિક વ્યવસ્થા પર સીધો કટાક્ષ હતો, જે આજે સોશિયલ મીડિયાથી લઈને બુદ્ધિજીવી વર્ગમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. દેશભરમાં અને ગુજરાતમાં ચૂંટણી પ્રક્રિયા તથા પંચની સ્વતંત્રતાને લઈને વિપક્ષો અને સામાજિક સંગઠનો દ્વારા આક્રમક મોરચો ખોલવામાં આવ્યો છે. વિરોધ કરી રહેલા આગેવાનોનો આક્ષેપ છે કે ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર બંધારણીય સંસ્થાઓની નિષ્પક્ષતા પર સવાલો ઊભા થઈ રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન માત્ર એક શહેર પૂરતું સીમિત ન રહેતા હવે વ્યાપક રૂપ ધારણ કરી રહ્યું છે.

## દહેગામના હરખજીના મુવાડા ગામે શાળા પાછળ જુગારધામ ઝડપાયું: પોલીસે 5 જુગારીઓને 17,650 રોકડ સાથે ઝડપ્યા

દહેગામ

દહેગામના હરખજીના મુવાડા ગામમાં એક શાળા પાછળ ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે 5 જુગારીઓને પકડી પાડ્યા અને તેમની પાસેથી કુલ 17,650 રૂપિયા રોકડા જપ્ત કર્યા.સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે, હરખજીના મુવાડા ગામમાં આવેલી એ.પી.એસ. શાળાની પાછળ, ફુલસિંહ બેચરસિંહ ચૌહાણના ખેતરમાં કેટલાક લોકો પૈસા અને પત્તા વડે જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક રેડ કરી જીતેન્દ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ, પ્રવિણસિંહ ગુલાબસિંહ ચૌહાણ, દિનેશસિંહ જશવંતસિંહ ચૌહાણ, ફુલસિંહ બેચરસિંહ ચૌહાણ અને સંદિપસિંહ જીતેન્દ્રસિંહ ચૌહાણ સહિત પાંચેય આરોપીઓને સ્થળ પરથી પકડી પાડ્યા હતા. આ તમામ આરોપીઓ દોઢવાસ, હરખજીના મુવાડા ગામના રહેવાસી છે.પોલીસે તેમની પાસેથી કુલ 17,650 રૂપિયા રોકડા અને 52 ગંજીપાના જપ્ત કર્યા હતા. દહેગામ પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

અફવાઓ પર પોલીસનો પૂર્ણ વિરામ!

## ભરૂચમાં 'રજવાડી ચા'ની ફ્રેન્ચાઈઝીના સંચાલકનો પર્દાફાશ: દરોડા દરમિયાન 48 હજારનું અફીણ ઝડપાતા ખળભળાટ..!!

ભરૂચ

ભરૂચ શહેરમાંથી કાયદો અને વ્યવસ્થા તેમજ નશાના કારોબારને લઈને એક અત્યંત સનસનીખેજ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભરૂચના જંબુસર બાયપાસ ચોકડી વિસ્તારમાં એસઓજી (SOG) પોલીસ દ્વારા કરવામાં આવેલા એક દરોડામાં પ્રખ્યાત 'રજવાડી ચા'ની ફ્રેન્ચાઈઝી ચલાવતો સંચાલક જ પ્રતિબંધિત એવા અફીણના જથ્થા સાથે રંગેહાથ ઝડપાઈ ગયો છે. આ કાર્યવાહીથી વેપારી આલમમાં અને નગરમાં ભારે હલચલ મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, ભરૂચ એસઓજી પોલીસની ટીમ પેટ્રોલિંગ અને બાતમીદારોના આધારે જંબુસર બાયપાસ ચોકડી વિસ્તારમાં સક્રિય હતી. આ દરમિયાન ચોક્કસ




બાતમીના આધારે પોલીસે 'રજવાડી ચા'ની ફ્રેન્ચાઈઝી ધરાવતા સંચાલક પર દરોડો પાડ્યો હતો. તલાશી દરમિયાન તેની પાસેથી અંદાજે ૪૮,૦૦ રૂપિયાની બજાર કિંમત ધરાવતું ૯૬ ગ્રામ જેટલું શંકાસ્પદ અફીણ મળી આવ્યું હતું. પોલીસે તાત્કાલિક ધોરણે આ નશીલો પદાર્થ જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસ પૂછપરછ દરમિયાન પકડાયેલા સંચાલકે ચોંકાવનારી કેફિયત રજૂ કરતા જણાવ્યું હતું કે તે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે અને આ અફીણનો જથ્થો તે પોતાના અંગત ઉપયોગ માટે લાવ્યો હતો કારણ કે તે પોતે અફીણનો બંધાણી છે. જોકે, પોલીસ આ નરમાશભરી દલીલથી સંતુષ્ટ નથી. પોલીસ હવે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે કે આટલી મોટી માત્રામાં અફીણ તે ક્યાંથી લાવ્યો હતો, કયા શખ્સ પાસેથી મેળવવામાં આવ્યું હતું અને આ ડ્રગ્સ નેટવર્કની પાછળ અન્ય કયા મોટા ચહેરાઓ સંડોવાયેલા છે. આ ઘટના બહાર આવતાની સાથે જ ભરૂચ શહેરમાં સોશિયલ મીડિયા અને લોકમુખે ચર્ચાઓ વહેતી થઈ હતી કે શું આ ફ્રેન્ચાઈઝીની ચા માં પણ અફીણ ભેળવવામાં આવતું હતું? આ ચર્ચાએ જોતજોતામાં વાયુવેગે વાઈરલ થઈને નગરમાં ગભરાટ ફેલાવ્યો હતો.

## ધંધુકામાં ખાખી વર્ધી ડાઘાદાર: ન્યાય માંગવા ગયેલા ફરિયાદીનો ગામમાં વરઘોડો કાઢતા PI B.T. ગોહિલ સામે રોષનો ભારે ભડકો!

ધંધુકા

ધંધુકામાં પોલીસ શાસન અને ખાખીના રોફ સામે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. જેને રક્ષક બનીને પ્રજાનું રક્ષણ કરવાનું હોય છે, તે જ ખાખી જો ભક્ષક બને ત્યારે કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા થાય છે. ધંધુકા પોલીસ સ્ટેશનના PI B.T. ગોહિલ સામે ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો ઊઠતા સમગ્ર તાલુકામાં ભારે અરેરાટી સાથે વિરોધનો વંટોળ ઊઠ્યો છે. ન્યાયની આશાએ પોલીસ સ્ટેશનના પગથિયાં ચડેલા ફરિયાદી સાથે જે વર્તન કરવામાં આવ્યું તે માનવતા અને કાયદા બંનેને શરમાવે તેવું છે. મળતી અહેવાલો મુજબ, ફરિયાદી પોતાની સાથે થયેલા અન્યાય સામે ન્યાયની ગુહાર લગાવવા માટે ધંધુકા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. પરંતુ ત્યાં તેમને



ન્યાય મળવાના બદલે PI B.T. ગોહિલના કથિત તાલિબાની અને તાનાશાહી વલણનો ભોગ બનવું પડ્યું હતું. આક્ષેપ છે કે પોલીસે ફરિયાદીની રજૂઆત સાંભળવાના બદલે, ઊલટાનું તેમનું જ જાહેરમાં અપમાન કરીને આખા ગામમાં 'વરઘોડો' કાઢ્યો હતો. કાયદાનું પાલન કરાવનારી પોલીસે જ માનવઅધિકારોના ધજાગરા ઉડાવી દેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ શરમજનક ઘટના સામે આવતા જ સ્થાનિક લોકો, સામાજિક સંગઠનો અને ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સામાન્ય નાગરિકની ગરિમા હણનારા અને સત્તાનો દુરુપયોગ કરનારા PI B.T. ગોહિલ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે તેવી ચોમેરથી માંગ ઉઠી રહી છે. ગ્રામજનો અને પીડિત પક્ષની સ્પષ્ટ માંગ છે કે: PI B.T. ગોહિલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે. આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવામાં આવે. કાયદાનો દુરુપયોગ કરનાર જવાબદાર પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી થાય.

પૈસા ફેંક, ડિગ્રી પકડ કે ખૂલ્લી છૂટ?

## GTUની 4 એન્જિનિયરિંગ કોલેજોમાં CCTVમાં ઝડપાયો કરોડોના ભવિષ્ય સાથે ચેડાં કરતો મહા-માસ કોપીકાંડ!!!

અમદાવાદ

ગુજરાતમાં શિક્ષણના વ્યાપાર અને 'પૈસા ફેંક, ડિગ્રી પકડ' ની નીતિએ હવે તમામ હદો વટાવી દીધી છે. અગાઉ કાગળ પર નકલી ડિગ્રીઓ વેચવાના કૌભાંડો તો અનેકવાર સામે આવ્યા હતા, જેમાં ડિગ્રી સાચી હોય તો પણ ક્યાંક બતાવી ન શકાય તેવી સ્થિતિ સર્જાતી કારણ કે ચકાસણીમાં ભાંડો ફૂટી જતો હતો. પરંતુ હવે આ કૌભાંડીઓએ તેનો પણ એક ગજબનો 'તોડ' શોધી કાઢ્યો છે! હવે પેપર પણ અસલી, લખાયેલા જવાબો પણ સાચા અને ડિગ્રી પણ એકદમ ઓરિજિનલ, બસ શરત એટલી કે વિદ્યાર્થીઓને પરીક્ષા હોલમાં બેફામ અને બિન્દાસ્ત કોપી કરવાની સંપૂર્ણ છૂટ આપી દેવાની! ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા લેવાયેલી પરીક્ષાઓમાં સામે આવેલો આ કાળો કારનામો જોઈને આખું શિક્ષણ જગત હચમચી ગયું છે. સમગ્ર કાંડની વિગતો અનુસાર, જીટીયુ દ્વારા લેવાયેલી પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ જ્યારે ઉત્તરવહીઓનું મૂલ્યાંકન થતું હતું, ત્યારે નિષ્ણાતોની નજર એક ગંભીર બાબત પર પડી. અલગ-અલગ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓમાં જવાબો અદ્ભુત રીતે એકસરખા અને બેઠાં જ લખાયેલા જોવા મળ્યા.

શંકા જતા જ યુનિવર્સિટી તંત્રએ કડક પગલાં લઈને જે-તે પરીક્ષા કેન્દ્રોના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. આ ફૂટેજો જ્યારે સ્ક્રીન પર આવ્યા ત્યારે તંત્રના પણ હોશ ગયા! કેમેરામાં સ્પષ્ટપણે જોવા મળ્યું કે પરીક્ષા ખંડમાં બેફામ ચોરી ચાલી રહી છે. વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ એકબીજાની નોટ્સ કે સાહિત્યની આપ-લે કરી રહ્યા હતા, તો કેટલાક છૂટથી મોબાઈલનો ઉપયોગ કરીને બેધડક જવાબો લખી રહ્યા હતા. જે શિક્ષણ મંદિરને જ્ઞાનનું ધામ ગણવામાં આવે છે, ત્યાં જ પરીક્ષકોની મિલીભગત કે બેદરકારીથી આ નગ્ન નાચ ખેલાઈ રહ્યો હતો.

## વડોદરામાં પ્રેમજાળ બની જાળ: હોસ્પિટલ કર્મી મહિલાને બહેનપણીના બોયફ્રેન્ડ સાથેનો સંબંધ ભારે પડ્યો

ખાનગી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરનાર પ્રેમીનો ભાંડો ફૂટ્યો!

વડોદરા

વડોદરા શહેરમાંથી પ્રેમ, વિશ્વાસઘાત અને બ્લેકમેલિંગનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હોસ્પિટલમાં નોકરી કરતી અને પાંચ વર્ષના માસૂમ સંતાનની માતા એવી એક મહિલા માટે બહેનપણીના બોયફ્રેન્ડ સાથે બંધાયેલા સંબંધો જીવનું જોખમ અને બદનામીનું કારણ બની ગયા હતા. મહિલા જ્યારે આ ઝેરી સંબંધમાંથી બહાર નીકળવા માટે માંગતી હતી, ત્યારે નરાધમ પ્રેમીએ તેની મજબૂરીનો લાભ લઈને ખાનગી ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આખરે પીડિત મહિલાએ હિંમત દાખવીને અભયમ ૧૮૧ અને પોલીસની મદદ લેતા બ્લેકમેલર પ્રેમીની હવા નિકળી ગઈ હતી અને તેણે તમામ ડેટા ડિલીટ કરવાની ફરજ પડી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાની એક હોસ્પિટલમાં ફરજ બજાવતી પરિણીતા અને પાંચ વર્ષના બાળકની માતાના સંપર્કમાં એક શખ્સ આવ્યો હતો, જે તેની જ બહેનપણીનો બોયફ્રેન્ડ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સમય જતાં આ સંપર્ક પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. પરંતુ જ્યારે મહિલાને પોતાની ભૂલ સમજાઈ અને તેણે પરિવાર તથા સંતાનના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ અનૈતિક સંબંધ હંમેશાં માટે તોડી નાખવાનો નિર્ણય કર્યો, ત્યારે અસલી ખેલ શરૂ થયો. સંબંધ રાખવા તૈયાર ન થયેલી મહિલાને પ્રેમીએ અગાઉના અંગત પળોના ફોટા અને વિડિયો વાયરલ કરવાની ખુલ્લી ધમકી આપીને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું. એક તરફ પાંચ વર્ષના સંતાનની માતા અને હોસ્પિટલની નોકરી કરતી મહિલા સમાજમાં પોતાની આબરૂ જાળવવા માટે મુંઝવણમાં મુકાઈ ગઈ હતી, તો બીજી તરફ પ્રેમીના રોજ-રોજના માનસિક અત્યાચાર અને બ્લેકમેલિંગથી તે માનસિક રીતે ભાંગી પડી હતી.

રાજકીય ગંદકીની પરાકાષ્ઠા કે બદઈરાદાનું કાવતરું?

## જીજ્ઞેશ મેવાણીના પરિવાર સામે અભદ્ર ટિપ્પણીથી ભૂકંપ, ગોપાલ ઇટાલિયાએ ભાજપના નેતાઓને ધોઈ નાખ્યા!!!

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં આજકાલ નીચલી કક્ષાની ટિપ્પણીઓ અને વ્યક્તિગત આક્ષેપબાજીએ તમામ હદો પાર કરી દીધી છે. કોંગ્રેસના આક્રમક ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના પરિવાર અને ખાસ કરીને તેમની બહેન તથા માતા વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી અત્યંત અશોભનીય, ગંદી અને અશ્લીલ ટિપ્પણીઓને લઈને રાજકીય ગલિયારોમાં ભારે આગ ઝરતી સ્થિતિ સર્જાઈ છે. આ શરમજનક કૃત્ય સામે સમગ્ર રાજ્યના રાજકારણમાં રોષનો માહોલ છે, ત્યારે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા મેદાને આવીને ભાજપના નેતાઓ અને તેમની રાજનીતિ સામે એવા પ્રહારો કર્યા કે શાસક પક્ષના હોશ ઉડી ગયા છે! પ્રાપ્ત વિગતો અનુસાર, ભાજપ સાથે સંકળાયેલા નેતા ધવલ દવે દ્વારા સોશિયલ મીડિયા પર ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીના પરિવાર, માતા અને બહેન વિશે અત્યંત અપશબ્દો અને ગંદી ભાષાનો ઉપયોગ કરીને એક પોસ્ટ વાયરલ કરવામાં આવી હતી. આ વિકૃત માનસિકતા સામે ગુસ્સે ભરાયેલા જીજ્ઞેશ મેવાણીએ કમલમ અને સત્તામાં બેઠેલા લોકો પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે વિરોધીઓને બદનામ કરવા માટે સોશિયલ મીડિયા પર આવા ગંદા મેસેજો વાઈરલ કરવા એ ભાજપનું સુનિયોજિત કાવતરું છે. આ મામલે તાત્કાલિક FIR નોંધીને આરોપીની ધરપકડ કરવામાં આવે તેવી માગ સાથે જીજ્ઞેશ મેવાણી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા અત ચાવડા સહિતના આગેવાનોએ ગાંધીનગરના સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન બહાર રાતોરાત ધરણાં યોજીને પોલીસ પ્રશાસનને ધમરોળ્યું હતું. આ ગંભીર વિવાદ વચ્ચે 'આપ' નેતા ગોપાલ ઈટાલિયા ખુલીને મેદાને આવ્યા હતા અને ભાજપની માનસિકતા પર આકરા પ્રહાર કર્યા હતા. ગોપાલ ઈટાલિયાએ ધારદાર અંદાજમાં ભાજપના નેતાઓને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, 'જ્યારે કોઈ રાજકીય નેતા વૈચારિક કે રાજકીય લડાઈમાં મેદાનમાં ટક્કર ન આપી શકે, ત્યારે તેની વિકૃત માનસિકતા તેના પરિવારની મહિલાઓ અને બહેનો પર હુમલો કરવા મજબૂર બને છે.' તેમણે ઉમેર્યું કે ગુજરાતની જનતા હવે આ પ્રકારની નીચી અને ધૃણાસ્પદ રાજનીતિ સારી રીતે સમજી ચૂકી છે. જીજ્ઞેશ મેવાણી સતત જનતાના અવાજને બુલંદ કરતા હોવાથી ભાજપના પેટમાં તેલ રેડાય છે અને તેથી જ આવા કક્ષાહીન હથિયારો વાપરવામાં આવી રહ્યા છે. ગોપાલ ઈટાલિયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો આવા તત્વો સામે કડક કાનૂની પગલાં નહીં ભરાય, તો જનતા તેમને રસ્તા પર જવાબ આપશે. એક તરફ ચૂંટાયેલા જનપ્રતિનિધિના પરિવારને નિશાન બનાવીને બદનામ કરવાનું ગંદુ રાજકારણ રમાઈ રહ્યું છે, તો બીજી તરફ પોલીસ સ્ટેશન બહાર નેતાઓને ન્યાય માટે ધરણાં કરવાનો વારો આવ્યો છે, જે ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર મોટો સવાલ ઊભો કરે છે.

## રાજકોટમાં પાપની પરાકાષ્ઠા: પત્નીની હાજરીમાં 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ

વીડિયો ઉતાર્યો અને બાદમાં સગીરાની મોટી બહેનને ભગાડી ગયો! ગાંધીગ્રામ પોલીસે મુંબઈથી આરોપીને ઝડપ્યો

રાજકોટ

રાજકોટના ભોમેશ્વર વિસ્તારમાંથી માનવતા અને સંબંધોને શરમાવે તેવી અત્યંત ભયાનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. મૂળ નેપાળી અને ભોમેશ્વર વિસ્તારમાં રહેતા મહેશસિંગ નામના શખ્સે પોતાની પત્ની મંજુની મિલીભગત અને હાજરીમાં જ એક ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાનો કાળો કારનામો બહાર આવ્યો છે. એટલું જ નહીં, આ કાળજું કંપાવી દેતી ઘટના બાદ નરાધમ આરોપી સગીરાની મોટી પરણિત બહેનને પણ ભગાડી ગયો હતો. સમગ્ર મામલે ખાખી એક્શનમાં આવતા ગાંધીગ્રામ પોલીસે કાયદાનો સિકંજો કસીને મુંબઈથી મુખ્ય આરોપીને દબોચી લીધો છે. મળતી અહેવાલો મુજબ, આરોપી મહેશસિંગ ૧૪ વર્ષની સગીરાને કારમાં બેસાડીને લઈ ગયો હતો.



કારની અંદર જ્યારે મહેશસિંગ સગીરા સાથે અડપલાં અને વિકૃત હરકતો કરી રહ્યો હતો, ત્યારે તેની જ પત્ની મંજુ પણ ત્યાં હાજર હતી. વિકૃતિની હદ તો ત્યારે પાર થઈ જ્યારે પત્ની મંજુએ પતિને રોકવાના બદલે આ શરમજનક કૃત્યનો પોતાના મોબાઈલમાં વીડિયો શૂટ કર્યો હતો. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સમગ્ર ભયાનક કરતૂતનો પર્દાફાશ થયો હતો અને બાળકી પર આચરાયેલા અત્યાચારનું સત્ય સામે આવ્યું હતું. દુષ્કર્મ અને અડપલાં આચર્યા બાદ પણ આ આરોપીનો પાપનો ઘડો ભરાયો નહોતો. તેણે સગીરાની મોટી પરણિત બહેન પર નજર બગાડીને તેને પણ પોતાની જાળમાં ફસાવીને ભગાડી જતાં વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

## તંત્રી લેખ...

# દિલ્હીના જંતર-મંતર પર લોકશાહીનું લોહિયાળ ચીરહરણ: CJPના આંદોલનને કચડવા પોલીસનો નગ્ન નાચ, 'પાક્કો ગુજરાત'ના તંત્રી પવન માકને સરકારની તાનાશાહીને સખત શબ્દોમાં વિખોડી!

દેશની રાજધાની દિલ્હીનું હૃદય ગણાતું જંતર-મંતર આજે લોકશાહીનું મંચ નથી રહ્યું, પણ કોઈ યુદ્ધના મેદાન કે લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે. CJPના બેનર હેઠળ રસ્તા પર ઉતરેલા હજારો અવાજોને સાંભળવાને બદલે સત્તાના નશામાં અંધ બનેલી સરકારે આખા દિલ્હીને બંધક બનાવી દીધું છે. શાંતિપૂર્ણ રીતે પોતાના હક્ક અને ન્યાય માટે અવાજ ઉઠાવતા દેશના નાગરિકો સામે જે રીતે કાયદાનો કોરડો વિંઝાઈ રહ્યો છે, તે જોઈને દરેક દેશપ્રેમી નાગરિકનું લોહી ઊકળી રહ્યું છે. આ કોઈ લોકતાંત્રિક દેશની સરકારી કાર્યવાહી નથી, પણ આ દેશની જનતા પર સરકારી આતંકનો સીધો ઘાતકી પ્રહાર છે!

તંત્રી પવન માકનનો સણસણતો પ્રહાર: 'જે દેશમાં પત્રકારો પર હુમલો થાય, ત્યાં લોકશાહી બચી જ નથી!'

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના તંત્રી (એડિટર) પવન માકને દિલ્હી ખાતે બની રહેલી આ શરમજનક ઘટના અને સરકારની ખુલ્લી તાનાશાહી સામે આકરો પ્રહાર કર્યો છે. પવન માકને સરકારની આ દમનકારી નીતિને આકરા શબ્દોમાં વિખોડતાં સ્પષ્ટ જણાવ્યું છે કે, 'પોતાના હક્કો માટે લડતી જનતાનો અવાજ દબાવવા માટે આ રીતે પોલીસ બળનો ઉપયોગ કરવો એ ભીરુતાની નિશાની છે. જો સરકાર પોતાની જાતને લોકતાંત્રિક કહેવડાવતી હોય તો જંતર-મંતર પર ઉભેલા



નાગરિકોની વાત સાંભળવાને બદલે તેમના પર અત્યાચાર કેમ કરી રહી છે? પત્રકારો પર હુમલા કરીને અને તેમની અટકાયત કરીને સત્યને છુપાવી નહીં શકાય. દિલ્હી પોલીસ આજે કાયદાનું પાલન કરવાને બદલે સત્તાધીશોના ઈશારે ગુંડાઓની જેમ વર્તન કરી રહી છે. જ્યાં કલમ અને કેમેરા પર અંકુશ મૂકાય ત્યાં લોકશાહીનો અંત નિશ્ચિત છે.'

આંદોલનકારીઓ આતંકવાદી છે કે દેશના નાગરિક? દમનની પરાકાષ્ઠા!

જે જનતાના મતોથી સત્તાના સિંહાસન સુધી પહોંચ્યા, તે જ જનતા જ્યારે પોતાના અધિકારો માગવા રસ્તા પર આવે છે ત્યારે સરકાર સંવાદના તમામ દરવાજા બંધ કરી દે છે. જંતર-મંતર પર હજારો ખાકી વર્દીધારીઓનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. જે રીતે પડાપડી, ખેંચતાણ અને બળપ્રયોગ કરીને લોકોને ઊંચકી-ઊંચકીને ગાડીઓમાં ફેંકવામાં આવી રહ્યા છે, તે જોઈને સવાલ થાય છે કે શું આ દેશના જ નાગરિકો છે કે કોઈ સરહદ પારથી આવેલા આતંકવાદીઓ? વ્યાજબી માંગણીઓ સ્વીકારવાની દાનત વગરની સરકાર માત્ર અને માત્ર લાઠી, બળ અને સત્તાના જોરે આંદોલનને કચડી નાખવા માગે છે. આ દમનકારી નીતિ જ પુરાવો છે કે આંદોલનના આક્રોશથી સત્તાના પાયા હલી ગયા છે અને સરકાર અંદરથી થરથર કાંપી રહી છે.

પત્રકારો પર સીધો હુમલો: લોકશાહીના ચોથા સ્તંભનું ગળું ઘોંટવાનો હીન પ્રયાસ

સત્ય બતાવવું અને સત્તા સામે અરીસો ધરવો શું આ દેશમાં ગુનો બની ગયો છે? જંતર-મંતર પર કવરેજ કરવા પહોંચેલા પત્રકારો, કેમેરામેનો અને સ્વતંત્ર મીડિયાકર્મીઓ સાથે જે પ્રકારે દાદાગીરી અને ગેરવર્તન કરવામાં આવ્યું છે તે અત્યંત શરમજનક છે. પ્રેસ આઈડી કાર્ડ બતાવવા છતાં પત્રકારોને ધક્કે ચડાવવામાં આવ્યા, કેમેરા અને મોબાઈલ ઝૂંટવી લેવાનો પ્રયાસ થયો અને તેમની બળજબરીથી અટકાયત (Detain) કરી પોલીસ બસોમાં પૂરી દેવાયા. જે દેશમાં સત્ય ઉજાગર કરતા પત્રકારો અને કલમ પર અંકુશ લગાવવામાં આવે, તેમની પર હુમલા થાય, ત્યાં લોકશાહી મરી પરવારી છે તેમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. પત્રકારત્વ પરનો આ પ્રહાર સીધેસીધી 'લોકશાહીની નગ્ન હત્યા' છે.

દિલ્હી પોલીસ કે ખાકી વર્દીમાં ગુંડાગીરી?

આજે દિલ્હી પોલીસની કામગીરી જોઈને સામાન્ય નાગરિકનો કાયદા પરથી વિશ્વાસ ઊઠી રહ્યો છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે પોલીસ તાનાશાહી વર્તન કરી રહી છે. માત્ર આંદોલનકારીઓ જ નહીં, પણ રસ્તા પરથી પસાર થતાં નિર્દોષ નાગરિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓને પણ નિશાન બનાવી ડરનો માહોલ ઊભો કરાઈ રહ્યો છે. ભારતના બંધારણે દેશના દરેક નાગરિકને વિરોધ નોંધાવવાનો અધિકાર આપ્યો છે, પરંતુ વર્તમાન શાસનમાં બંધારણના આ અધિકારને બૂટની ઠોકરે ઉડાડી દેવાયો છે.

સત્તાના નશામાં મસ્ત બનેલા શાસકો એ ભૂલી રહ્યા છે કે ઈતિહાસ સાક્ષી છે–જ્યારે પણ જનતાનો આક્રોશ બંધારણીય મર્યાદાઓ ઓળંગે છે અને શાસન તાનાશાહી પર ઊતરી આવે છે, ત્યારે મોટામાં મોટા તખ્તા અને તાજ ઉથલી પડતા વાર નથી લાગતી. જંતર-મંતરથી શરૂ થયેલી આ અગનજ્વાળા હવે માત્ર દિલ્હી પૂરતી સીમિત નહીં રહે, પણ દેશના ખૂણેખૂણામાં વ્યાપીને આ તાનાશાહી સરકાર સામે ક્રાંતિનો શંખનાદ કરશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# લોકશાહી કે તાનાશાહી? સવારે-સવારે ઘરમાં ઘૂસીને પ્રખ્યાત યુટ્યુબર ધ્રુવ રાઠીનું 'અપહરણ' કરાયાનો સનસનીખેજ આક્ષેપ!

દેશની રાજધાની દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) ના વિરોધમાં અને 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન પહેલાં રાષ્ટ્રવ્યાપી હલચલ મચી ગઈ છે. આ દરમિયાન દેશના જાણીતા ડિજિટલ ઈન્ફ્લુએન્સર અને યુટ્યુબર ધ્રુવ રાઠીએ પોલીસ કાર્યવાહી સામે અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. ગુરુગ્રામ સ્થિત પોતાના નિવાસસ્થાનેથી અટકાયત બાદ મુક્ત થયેલા ધ્રુવ રાઠીએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને દાવો કર્યો છે કે આ કોઈ સામાન્ય કાયદેસરની અટકાયત કે ધરપકડ નહોતી, પરંતુ ખુલ્લેઆમ 'અપહરણ' હતું.



### સવારે 7 વાગે અચાનક ઘરમાં ધસી આવ્યા 20 થી વધુ લોકો: ધ્રુવ રાઠીની આપવીતી

ઘટના વિશે વિસ્તારથી જણાવતા ધ્રુવ રાઠીએ કહ્યુ કે સવારે અંદાજે 7 વાગ્યાના અરસામાં અચાનક પોલીસ અને સાદા કપડામાં આવેલા અંદાજે 20 જેટલા લોકો તેમના ઘરે ધસી આવ્યા હતા. તેમની વૃદ્ધ મમ્મીને ધક્કો મારીને આરોપીઓ સીધા તેમના બેડરૂમમાં ઘૂસી ગયા હતા. કોઈપણ પ્રકારની કાનૂની નોટિસ કે ધરપકડનું કારણ આપ્યા વગર તેમને એવા પ્રકારે ઘસેડીને લઈ જવામાં આવ્યા જાણે કોઈ કુખ્યાત અપરાધી કે ક્રિમિનલનું અપહરણ થતું હોય.

હાલત એવી ભયાનક હતી કે તેમને સાદા ચંપલ સુદ્ધાં પહેરવા દેવામાં આવ્યા નહોતા અને ઘરમાંથી બળજબરીપૂર્વક ઉઠાવીને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમને વકીલનો સંપર્ક પણ કરવા દેવામાં આવ્યો નહોતો. આખી ઘટનાને યાદ કરતા તેમણે કહ્યું કે તેમના શરીર પર પણ આ ખેંચતાણ અને બળજબરીના નિશાન અને ઈજાઓ થઈ છે.

### 'આ ધરપકડ નહોતી, આ તો સીધું અપહરણ હતું'

પોતાના પર થયેલી કાર્યવાહીને અત્યંત ગેરબંધારણીય ગણાવતા ધ્રુવ રાઠીએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે, 'હું અરેસ્ટ કે ડિટેઈન નહોતો થયો, મારું કિડનેપ (અપહરણ) કરવામાં આવ્યું હતું.' તેમણે દાવો કર્યો કે લોકશાહીના નામે દેશમાં અઘોષિત કટોકટી જેવો માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે. જો આ પ્રકારે દેશના નાગરિકો સાથે થઈ શકતું હોય, તો સામાન્ય લોકોની સુરક્ષા સામે પણ મોટો સવાલ ઊભો થાય છે. મોડી રાત્રે/વહેલી સવારે મુક્ત થયા બાદ તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેમણે પોલીસ સમક્ષ કોઈ લેખિત બાંયધરી કે અંડરટેકિંગ આપ્યું નથી.

### દિલ્હીમાં આંદોલન અને પોલીસનું મહાસરપંચ જેવું વલણ

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં યોજાનારા વિરોધ પ્રદર્શન અને જંતર-મંતર પર ધરણાંના એલાનને પગલે પ્રશાસન દ્વારા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપ અનેક વિરોધ કરનારા નેતાઓ, કાર્યકરો અને યુટ્યુબર્સની અટકાયતો કરવામાં આવી હતી. સરકાર અને પોલીસ તંત્રના આ કડક વલણ સામે હવે બુદ્ધિજીવીઓ અને યુવા વર્ગમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ તંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની દલીલ કરી રહ્યું છે, તો બીજી તરફ વિરોધના અવાજને દબાવવા માટે સત્તાના દુરુપયોગના આક્ષેપો થઈ રહ્યા છે.

# જ્યારે ઘરની બારી ખુલ્લી હોય, પણ મનના દરવાજા બંધ થઈ જાય...

આજના સમયમાં માણસનાં ઘરો મોટાં થઈ રહ્યાં છે, સુવિધાઓ વધી રહી છે અને જીવનધોરણ ઊંચું જઈ રહ્યું છે, પરંતુ ક્યાંક ને ક્યાંક મનુષ્યના મન વચ્ચેનું અંતર પણ વધી રહ્યું છે. ઘરની બારીઓમાંથી તાજી હવા તો આવે છે, પરંતુ સંબંધોમાં લાગણીની હવા પ્રવેશે છે કે નહીં, એ વિચારવાનો સમય આવી ગયો છે.



એક સમય હતો જ્યારે સાંજ પડતાં જ ઘરના આંગણામાં પરિવારના સભ્યો ભેગા થતા. દિવસભરની વાતો થતી, વડીલોના અનુભવો સાંભળવા મળતા અને બાળકોને સંસ્કારનો વારસો સહજ રીતે મળતો. આજે એક જ ઘરમાં રહેતા સભ્યો પણ પોતપોતાની દુનિયામાં વ્યસ્ત છે. કોઈ મોબાઈલમાં ખોવાયેલું છે, કોઈ કામના તણાવમાં છે, તો કોઈ પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે યોગ્ય વ્યક્તિ શોધી રહ્યું છે. સાચું સુખ મોંઘાં ફર્નિચર, આકર્ષક પડદા કે આધુનિક સુવિધાઓમાં નથી; તે તો પરિવારના સભ્યો વચ્ચેના પ્રેમ, વિશ્વાસ અને આત્મીયતામાં વસે છે. ઘરમાં દરેક વસ્તુ માટે જગ્યા હોય, પરંતુ એકબીજાની વાત સાંભળવા માટે સમય ન હોય, તો એ સુખની નહીં, સુવિધાઓની સમૃદ્ધિ કહેવાય.

સંબંધોને જીવંત રાખવા માટે મોટી ભેટોની જરૂર નથી. ક્યારેક પ્રેમથી પૂછેલો એક પ્રશ્ન, થાકેલા ચહેરા પર વહાલભર્યું સ્મિત કે મુશ્કેલીના સમયે આપેલો સાથ પણ કોઈ અમૂલ્ય ભેટ કરતાં વધારે કિંમતી બની જાય છે.

આપણે બાળકોને સફળ થવાનું શીખવીએ છીએ, પરંતુ સંબંધો સાચવવાનું કેટલું શીખવીએ છીએ? તેમને ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં શીખવીએ છીએ, પરંતુ સામેવાળાની લાગણીઓ સમજવાની કળા પણ શીખવવી એટલી જ જરૂરી છે.

યાદ રાખીએ, ઘર ઈંટો અને સિમેન્ટથી બને છે, પરંતુ પરિવાર પ્રેમથી બને છે. દીવાલો ઘરને સુરક્ષિત રાખે છે, જ્યારે સંવેદનાઓ સંબંધોને સુરક્ષિત રાખે છે.

ચાલો, ઘરની બારીઓ ખુલ્લી રાખવાની સાથે મનના દરવાજા પણ ખોલીએ. કારણ કે સાચું ઘર એ નથી, જ્યાં આપણે માત્ર રહીએ છીએ; સાચું ઘર એ છે, જ્યાં આપણને કોઈ સમજે છે, સાંભળે છે અને હૃદયથી સ્વીકારે છે.

**— રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# અમેરિકા-રશિયા વચ્ચે મહાડીલનો ધડાકો: ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી મબલખ ડીઝલ ખરીદવાની જાહેરાત કરતા વૈશ્વિક રાજકારણમાં ભૂકંપ, ઝેલેન્સ્કીનો આક્રોશ!

વૈશ્વિક રાજકારણના મંચ પરથી એક અત્યંત ચોંકાવનારી અને સનસનીખેજ ખબર સામે આવી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ટેલિફોનિક વાતચીત બાદ થયેલી ગુપ્ત કે મહત્ત્વપૂર્ણ ડીલથી આખી દુનિયામાં હલચલ મચી ગઈ છે.

અત્યાર સુધી કટ્ટર દુશ્મન ગણાતા અમેરિકા અને રશિયા વચ્ચે થયેલા આ અણધાર્યા કરાર અંતર્ગત રશિયા હવે અમેરિકા અને વૈશ્વિક બજારને કરોડો ટન ડીઝલનો જથ્થો પૂરો પાડશે. ટ્રમ્પના આ માસ્ટરસ્ટ્રોકથી એક તરફ અમેરિકામાં ચૂંટણી ટાણે ફ્યુઅલના ભાવ ઘટવાની આશા જાગી છે, તો બીજી તરફ યુક્રેને આખી ડીલ સામે લાલઘુમ થઈને ભારે વિરોધ નોંધાવ્યો છે.

### ટ્રમ્પ અને પુતિનની ટેલિફોનિક ડીલ: રશિયાથી આવશે 3 લાખ ટનથી વધુ ડીઝલનો મોટો જથ્થો

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક વિસ્ફોટક પોસ્ટ શેર કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે વ્લાદિમીર પુતિન સાથેની સફળ વાતચીત બાદ રશિયાએ મોટો નિર્ણય લીધો છે. રશિયા હવે તાત્કાલિક ધોરણે અમેરિકા અને ગ્લોબલ માર્કેટને ૩ લાખ મેટ્રિક ટનથી વધુ ડીઝલનો પુરવઠો પૂરો પાડવા માટે સંપૂર્ણપણે સંમત થઈ ગયું છે.

મામલો આટલેથી જ અટકતો નથી, ટ્રમ્પે વધુમાં વિગતો આપતા જણાવ્યું છે કે મોસ્કો દ્વારા આગામી સમયમાં આ સપ્લાય વધુ મોટો કરવામાં આવશે. યોજના મુજબ રશિયા દ્વારા નવેમ્બર મહિનામાં વધુ ૫ લાખ મેટ્રિક ટન અને ત્યારબાદ ક્રમશઃ ૧ મિલિયન (૧૦ લાખ) મેટ્રિક ટન ડીઝલનો જથ્થો સપ્લાય કરવામાં આવશે.

### ઘરેલું રાજકારણ અને ચૂંટણીની મજબૂરી: ફ્યુઅલના વધતા ભાવ કાબૂમાં લેવાનો ટ્રમ્પનો દાવ

રાજકીય પંડિતોના મતે, ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા લેવાયેલા આ કદમ પાછળનું અસલી કારણ આગામી ૩ નવેમ્બરે યોજાનારી મહત્ત્વપૂર્ણ મિડટર્મ ચૂંટણી છે. અમેરિકામાં હાલ મોંઘવારી અને બળતણ (ફ્યુઅલ)ના વધતા ભાવને લઈને સામાન્ય જનતામાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. ચૂંટણી ટાણે પેટ્રોલ-ડીઝલના ભાવો મતદારોને મોટું નુકસાન પહોંચાડી શકે તેમ હોવાથી, ટ્રમ્પે વિરોધી દેશ ગણાતા રશિયા સાથે હાથ મિલાવીને પણ ગ્લોબલ માર્કેટમાં સપ્લાય વધારવાનો આ મોટો રાજકીય જુગાર ખેલ્યો છે.

### 'પુતિનને ભેટ આપવાથી યુદ્ધ લાંબું ખેંચાશે': યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીનો આક્રોશ અને આલોચના

એક તરફ અમેરિકા આ ડીલથી ખુશ છે, તો બીજી તરફ યુક્રેન અને તેના સહયોગીઓમાં આગ ઝરતો રોષ જોવા મળી રહ્યો છે. રશિયા સાથેના આ ડીઝલ કરાર સામે યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ અત્યંત તીખી પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (અગાઉનું ટ્વિટર) પર આલોચના કરતા ઝેલેન્સ્કીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'પુતિનને આ પ્રકારે પેટ્રોલિયમ વેપારની છૂટ આપવી કે ભેટ ધરવી એ દુનિયામાં શાંતિ સ્થાપવા માટે કોઈ ફાયદો નહીં કરે.'

ઝેલેન્સ્કીના મતે, રશિયાને આ પ્રકારે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ વેચવાની અને નાણાં કમાવવાની પરવાનગી આપવાથી મોસ્કોને યુદ્ધ ચાલુ રાખવા માટે વધારાનું ભંડોળ (ફંડ) અને આર્થિક સંસાધનો મળી રહેશે. જેના કારણે લાંબા સમયથી ચાલી રહેલું રૂસ-યુક્રેન યુદ્ધ વધુ લાંબું ખેંચાશે અને વૈશ્વિક અસ્થિરતા વધશે.

# દિલ્હી-ચેન્નાઈ ઈન્ડિગો ફ્લાઈટમાં પાવર બેંક ફાટતા ભભૂકી આગ

## મુસાફરોની ચીસાચીસ વચ્ચે ઈમરજન્સી લેન્ડિંગ

દિલ્હીથી ચેન્નાઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં હવામાં મુસાફરી દરમિયાન એક મુસાફરની પાવર બેંક ફાટતા આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડિયોમાં મુસાફરો આગને ઓલવતા જોવા મળે છે. મુસાફરોની ચીસાચીસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફ્લાઈટનું હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત હોવાનું જણાય છે. દિલ્હી-ચેન્નાઈ ઈન્ડિગો ફ્લાઈટમાં પાવર બેંક ફાટતા ભભૂકી આગ. મળતી માહિતી મુજબ, ઈન્ડિગોની ફ્લાઈટ 6E-6115 દિલ્હીથી ચેન્નાઈ જઈ રહી હતી. આ દરમિયાન એક મુસાફરના પાવર બેંકમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. કેબિન ક્રૂના સભ્યએ તાત્કાલિક પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ કરીને આગને ઓલવી નાખવામાં આવી હતી. ઘટનાને લઈને ઈન્ડિગોએ જણાવ્યું કે, '11 ઓક્ટોબર, 2026ના રોજ ફ્લાઈટમાં એક વ્યક્તિના ઈલેક્ટ્રોનિક ઉપકરણમાંથી ધુમાડો નીકળવાની સૂચના મળતાની સાથે ફ્લાઈટને હૈદરાબાદ ડાયવર્ટ કરવામાં આવી હતી.

# દિલ્હીમાં લોકશાહી બચાવવા અનોખો વિરોધ: યમુના નદીના નિગમબોધ ઘાટ પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગ સાથે ઉગ્ર પ્રદર્શન!

દેશની રાજધાની દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ અને મતદાર યાદી સુધારણા વિવાદને લઈને ચાલી રહેલા આંદોલનોએ હવે તદ્દન અનોખા અને ચર્ચાસ્પદ વળાંકો લેવાનું શરૂ કરી દીધું છે. દિલ્હીના ઈતિહાસમાં પ્રથમવાર વિરોધ પ્રદર્શનના ભાગરૂપ યમુના નદીના પવિત્ર અને જાણીતા નિગમબોધ ઘાટ પર એક વિશિષ્ટ અને અનોખું વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેના કારણે રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.




પરંપરાગત સ્થળોથી હટીને ઘાટ પર વિરોધ: કેમ પસંદ કરાયો નિગમબોધ ઘાટ?

સામાન્ય રીતે દિલ્હીના જંતર-મંતર કે અન્ય સરકારી વિસ્તારોમાં થતા દેખાવો સામે પોલીસ તંત્ર દ્વારા ભારે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવતો હોય છે અને અટકાયતોનું સત્ર ચાલે છે. આ કડક સુરક્ષા વ્યવસ્થા અને પ્રતિબંધોને અવોઈડ કરીને પ્રદર્શનકારીઓએ અનોખો રસ્તો અપનાવ્યો હતો. યમુના નદીના નિગમબોધ ઘાટ પર એકઠા થયેલા યુવાનો અને વિરોધકર્તાઓએ સરકાર અને ચૂંટણી પંચની નીતિઓ સામે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓનું માનવું હતું કે બંધારણીય સંસ્થાઓની નિષ્પક્ષતા જો જોખમાય, તો લોકશાહીના 'અંતિમ સંસ્કાર' સમાન સ્થિતિ સર્જાય છે, અને તેથી જ આ પ્રતીકાત્મક સ્થળ પસંદ કરવામાં આવ્યું હતું.

ચૂંટણી પંચની કામગીરી સામે સતત વધી રહ્યો છે રોષ

દેશભરમાં અને વિશેષરૂપે દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોથી મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમાર વિરુદ્ધ વિવિધ સામાજિક સંગઠનો, યુવા નેતાઓ અને વિપક્ષો દ્વારા મોરચો ખોલવામાં આવ્યો છે. આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદીઓની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે, છતાં તંત્ર લોકોના અવાજને દબાવવા માટે પોલીસ બળનો બેફામ ઉપયોગ કરી રહ્યું છે. નિગમબોધ ઘાટ પર થયેલા આ અનોખા વિરોધે પ્રશાસનની ચિંતા વધુ વધારી દીધી છે.

સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ: આગામી રણનીતિ પર સૌની નજર

ઘાટ જેવા સાર્વજનિક અને ધાર્મિક મહત્વના સ્થળે અચાનક થયેલા આ વિરોધ પ્રદર્શનની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. જો કે પોલીસ પહોંચે તે પહેલાં જ પ્રદર્શનકારીઓએ પોતાના વિરોધના મુદ્દાઓ સત્તાવાર રીતે લોકમાનસ સુધી પહોંચાડી દીધા હતા.

# ભારતમાં 17 વર્ષમાં સૌથી સૂકું ચોમાસું

દેશમાં આ વર્ષે ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં 15% ઓછો રહ્યો છે. આ આંકડો છેલ્લા 17 વર્ષમાં સૌથી ઓછો છે. આ પહેલાં, વર્ષ 2009માં વરસાદમાં 18.3% ઘટાડો નોંધાયો હતો. આ વર્ષે વરસાદમાં ઘટાડાનું મુખ્ય કારણ અલ નીનો માનવામાં આવી રહ્યું છે. 1 જૂનથી 21 સપ્ટેમ્બર સુધી 827.2 મિમી વરસાદ સામાન્ય માનવામાં આવે છે. અત્યાર સુધી માત્ર 703.7 મિમી વરસાદ થયો છે. એટલે કે 123.5 મિમીની ઘટ છે. 30 સપ્ટેમ્બર સુધી સમગ્ર સિઝન માટે સામાન્ય વરસાદ 868.6 મિમી હોય છે. સિઝન પૂરી થવામાં 9 દિવસ બાકી છે. પરંતુ હવે એટલો વરસાદ થવાની શક્યતા નથી કે 15%ની ઘટ પૂરી થઈ શકે. કારણ કે દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાંથી ચોમાસું ઝડપથી વિદાય લઈ રહ્યું છે. 19 સપ્ટેમ્બરે પશ્ચિમ રાજસ્થાનમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ હતી. સોમવારે પંજાબ, અડધા હરિયાણા અને રાજસ્થાનના કેટલાક વધુ વિસ્તારોમાંથી ચોમાસું વિદાય લઈ ચૂક્યું છે. આગામી 24-48 કલાકમાં હરિયાણાના બાકીના વિસ્તારો, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ ઉપરાંત જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાંથી પણ ચોમાસાની વિદાય માટેની પરિસ્થિતિઓ બની રહી છે.

જોકે, બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સર્જાઈ છે, જે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ રહી છે. તે 24થી 36 કલાકમાં ઓડિશા અને આંધ્ર પ્રદેશના કિનારે ટકરાઈ શકે છે. તેના કારણે દેશના પૂર્વ, મધ્ય અને દક્ષિણ રાજ્યોમાં આગામી ત્રણ-ચાર દિવસ ભારે વરસાદ પડવાની સંભાવના છે. અલ નીનો શું છે અને તે શા માટે આવે છે પ્રશાંત મહાસાગરના ભૂમધ્યરેખીય વિસ્તારમાં જ્યારે સમુદ્રી પવનો નબળા પડે છે, ત્યારે દક્ષિણ અમેરિકાના કિનારાનું પાણી અસામાન્ય રીતે ગરમ થવા લાગે છે. સમુદ્રના પાણીના ગરમ થવાની ઘટનાને અલ નીનો કહેવામાં આવે છે. તે વૈશ્વિક પવનો અને વાદળોની પેટર્નમાં ફેરફાર કરીને સમગ્ર વિશ્વના હવામાનને અસ્તવ્યસ્ત કરી દે છે. જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ 21% ઓછું પાણી ઑગસ્ટ સુધી ખરીફની વાવણી 1.7% ઓછી હતી. આઈસીઆરએ મુજબ, વાવેતર વિસ્તાર 2% ઘટી શકે છે. ઓછો વરસાદ, વધુ તાપમાન અને અલ નીનોને કારણે જમીનની ભેજ ઘટી છે. તેના કારણે ઉપજમાં ઘટાડો થશે. નિષ્ણાતોના અંદાજ મુજબ, ચોખાનું ઉત્પાદન ઘટીને 14.4 કરોડ ટન રહી શકે છે. એટલે કે ગયા વર્ષની સરખામણીએ 6.5% ઓછું. રવિની વાવણી ઑક્ટોબરથી શરૂ થશે. શરૂઆતની સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા નબળી છે.



પાક્કો ગુજરાત

સોમવાર | 12 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### બેરીકેટ તૂટતાં માસુમો ભરેલી સ્કૂલ બસો અને ભારે વાહનોનું જોખમી મૌતનું પ્રયાણ!

# ઉનામાં 'મૂક અકસ્માત'ને આમંત્રણ આપતો 60 વર્ષ જૂનો મછુન્દ્રી નદીનો પુલ



- **તંત્ર ઘોર નિંદ્રામાં: મોટી હોનારતની રાહ જોવાઈ રહી છે? જિલ્લા કલેક્ટરનો મનાઈ હુકમ કાગળ પર રહ્યો!**
- **વેપારીઓ, લોકપ્રતિનિધિઓ અને સ્થાનિકોમાં ભારે રોષ: તાત્કાલિક નવો પુલ બનાવવાની અને મજબૂત બેરીકેટીંગ કરવાની ઉગ્ર માંગ**

ઉના, કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાંથી પસાર થતી મછુન્દ્રી નદી પર આવેલો આશરે 60 વર્ષ જૂનો ઐતિહાસિક પુલ આજે અત્યંત જર્જરિત અને ભયજનક સ્થિતિમાં પહોંચી જતાં મોટી દુર્ઘટના સર્જાવાની આશંકા સેવાઈ રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે જિલ્લા કલેક્ટર દ્વારા આ પુલને જોખમી જાહેર કરી ભારે વાહનોની અવરજવર પર મનાઈ હુકમ ફરમાવાયો હતો અને પુલના બંને છેડે બેરીકેટ મૂકવામાં આવ્યા હતા. પરંતુ તંત્રની ઘોર બેદરકારીના કારણે આ બેરીકેટ તૂટી જતાં હવે ફરી એકવાર આ તૂટતા પુલ પરથી ભારે વાહનો અને નિર્દોષ બાળકોથી ભરેલી સ્કૂલ બસો પસાર થઈ રહી છે, જેનાથી ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવાનો ભય ઊભો થયો છે. મછુન્દ્રી નદી પરનો આ પુલ છ દાયકા જૂનો હોવાથી તેનો સ્લેબ અને પિલરો જર્જરિત થઈ ગયા છે. પુલની ગંભીરતાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પરંતુ યોગ્ય દેખરેખના અભાવે મૂકવામાં આવેલા બેરી કે ટ તૂટી જતાં તંત્રનો દાવો કાગળ પર જ રહી ગયો છે.

હાલમાં કોઈ પણ રોકટોક વગર ઓ વ રલોડે ડ ટ્રકો, ડમ્પરો અને નાદાન બાળકોને લઈ જતી સ્કૂલ બસો આ હલતા પુલ પરથી પસાર થઈ રહી છે. વાહનચાલકો અને સ્થાનિક રહીશો જીવના જોખમે આ માર્ગનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે.

આ પુલ માત્ર ઉના શહેર માટે જ નહીં પરંતુ સમગ્ર પંથક માટે લાઈફલાઈન સમાન છે.

હા ઈવે કનેક્ટિવિટી: આ પુલ ઉના-ભાવનગર હાઈવેને સીધો જોડે છે, જેથી દરરોજ હજારો ના નાના-મોટા વાહનોની અવરજવર રહે છે.

પ્રવાસન ધામોનો માર્ગ: દીવ, સોમનાથ અને તુલસીશ્યામ જેવા પ્રખ્યાત પ્રવાસન સ્થળો તરફ જતા પ્રવાસીઓ પણ આ જ માર્ગનો ઉપયોગ કરે છે.

આટલા મહત્વપૂર્ણ માર્ગ પરનો પુલ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

ઉનાના સ્થાનિક વેપારી સંગઠનો, સામાજિક આગેવાનો તેમજ સ્થાનિક ધારાસભ્ય દ્વારા અગાઉ પણ માર્ગ અને મકાન વિભાગ તથા જિલ્લા તંત્રને પત્ર લખીને આ પુલનું તાત્કાલિક સમારકામ કરવા અથવા નવો પુલ મંજૂર કરવા માટે અનેક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં પરિણામ શૂન્ય આવતાં સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

## વટામણ ચોકડી પાસે વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ: કોઠ પોલીસે ₹12.68 લાખના મુદ્દામાલ સાથે 3 આરોપી પકડ્યા



અમદાવાદ

કોઠ પોલીસે અમદાવાદ ગ્રામ્યમાં વટામણ ચોકડી પાસે વિદેશી દારૂની ગેરકાયદે હેરાફેરી પકડી છે. પોલીસે 2,808 નંગ વિદેશી દારૂ અને બીયર સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા. બે કાર અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ 12.68 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. દારૂ ભરાવી આપનાર અને મંગાવનાર બે આરોપી વોન્ટેડ છે.

આ કાર્યવાહી 10 ઓક્ટોબર, 2026ના રોજ સવારે 8:30 થી 11:30 વાગ્યા દરમિયાન થઈ હતી. દર્શક ભરતભાઈ જોષી અને મનીષ અર્જુન કુશવાહ ક્રેટા કાર (GJ-24-AM-8972)માં પાઈલોટિંગ કરતા હતા. મહાવીરસિંહ નરેન્દ્રસિંહ સરવૈયા બ્રેઝા કાર (GJ-21-CA-0718)માં દારૂનો જથ્થો લઈ જતા હતા. પોલીસે બ્રેઝા કારમાંથી 2,68,500ની કિંમતનો 2,808 નંગ દારૂ અને બીયર જપ્ત કર્યા. આ ઉપરાંત 6 લાખની ક્રેટા, 4 લાખની બ્રેઝા અને 15 હજારના ત્રણ મોબાઈલ ફોન પણ કબજે કરાયા. પકડાયેલા આરોપીઓમાં ભાવનગરના દર્શક જોષી (38), વાપીના મનીષ કુશવાહ (25) અને જામનગરના મહાવીરસિંહ સરવૈયા (29)નો સમાવેશ થાય છે. સુરતના ઉર્મિતભાઈ કથિરીયા અને ભાવનગરના ભાવેશભાઈ સોલંકી વોન્ટેડ છે.

## મતદાર યાદી સુધારણા કાર્યક્રમ માં આજે સાધલી મુકામે બી.એલ.ઓ.ની ગેરહાજરીથી લોકો પરત ગયા

સાધલી, હસમુખ પટેલ

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ 2026 ખાસ ઝુંબેશના દિવસો અને આ કાર્યક્રમમાં થનાર મુખ્ય કામોની જાહેરાતો કરી હતી, તે મુજબ આજથી મહિનાના ચાર રવિવાર ના રોજ સવારે 10:00 થી સાંજના 5:00 કલાક સુધી તમામ મતદાન મથક ઉપર BLO હાજર રહેશે અને તેમાં નવું નામ દાખલ કરવું, નામમાં સુધારો કરવો ,નામ કમી કરાવવું અને સરનામું બદલવા માટેના નિયત નમૂનાના ફોર્મો સ્વીકારવામાં આવશે ,તેમ જાહેર કરવામાં આવ્યું હતું.તથા તારીખ 1 ઓગસ્ટ 2025 ના રોજ 18 વર્ષ પુરા થતા હોય તેવા મતદાર યાદીમાં નામ નોંધાવશે ,એમ જાહેર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ મુજબ આજરોજ તારીખ 11 ઓક્ટોબર અને રવિવારે સાધલી મુકામે આવેલા પાંચ બુથો ઉપર સવારના 10:00 કલાકથી 12:00 કલાક સુધી કોઈપણ હાજર નહોતા જેથી નોંધણી કરાવવા આવેલા લોકોને પરત જવાનો વારો આવ્યો હતો. તેના કારણમાં પણ જાણવા મળ્યું કે આજે પ્રથમ નવરાત્રી હોવાના કારણે BLO પૂંજામાં રોકાયેલા હતા, ઉપરાંત ઘણા BLO એ આ કામગીરીમાંથી રાજીનામું આપેલ હતું. કારણ કે ગત વર્ષે એસ.આર.આઈ ની પ્રક્રિયામાં આ BLO દ્વારા સખત મહેનત કરી હોવા છતાં પણ આજ દિન સુધી તેનું મહેનતાણું આપવામાં આવેલ નથી, જેનો રોષ દેખાઈ આવતો હતો. ચૂંટણી પંચ જેવા BLO પાસે અગત્યની કામગીરી કરાવે અને એક વર્ષ સુધી મહેનતાણું ના ચૂકવે એ ક્યાંનો ન્યાય ???????? જેથી એક તબક્કે બીએલઓએ ગેરહાજર રહીને ભરેલું આ પગલું વ્યાજબી જ ગણી શકાય.




## કામરેજમાં SMCની રેડ: 6,144 બોટલ દારૂ સહિત 28.66 લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત

સુરત ગ્રામ્યના કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ એક્સપ્રેસ હાઈવે નંબર-4 પર દિગસ ગામ નજીક સાઈન બોર્ડ નંબર 988.4 પાસે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 174 પેટીઓ ઝડપી પાડી હતી. આ જથ્થામાં કુલ 6,144 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. 20,61,120 આંકવામાં આવી છે. SMCના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. માલવિયાની ટીમે દારૂના જથ્થા ઉપરાંત એક વાહન, એક મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂ. 28,66,920નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં નવસારીના કમીલા રોડ પર આવેલી કરીશ્મા ગાર્ડન સોસાયટીના બી-301માં રહેતા ચાંદઅલી ઉર્ફે ચાંદબાબુ કરમઅલી શેખને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે નવસારીનો વસીમ બસીર શેખ, સચીન ઠાકરે તથા તેનો અન્ય એક સાગરીત મળી કુલ ત્રણ આરોપીઓ વોન્ટેડ છે. આ મામલે પકડાયેલા એક અને વોન્ટેડ ત્રણ મળી કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે.




## વાંટા મિશ્ર શાળામાં બાળકો પાસે સફાઈ કરાવવાના આક્ષેપથી વિવાદ : વાલીઓની આંદોલનની ચીમકી

વાગરા

વાગરા તાલુકાની વાંટા મિશ્ર શાળામાં વિદ્યાર્થીઓ પાસે સફાઈ કરાવી કચરો શાળાની બહાર રસ્તા પર ફેંકાવવા મોકલવામાં આવતા હોવાના આક્ષેપથી વિવાદ ઊભો થયો છે. વાલીઓએ બાળકોની સુરક્ષા અને શાળાની વ્યવસ્થા સામે સવાલો ઉઠાવતાં આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. રસ્તા પર કચરો નાખવા જતી વખતે કોઈ અકસ્માત કે અનિચ્છનીય ઘટના બને તો જવાબદારી કોની રહેશે, તેવો સવાલ પણ વાલીઓએ કર્યો છે.

વાલીઓના જણાવ્યા મુજબ, અગાઉ બાળકોને જમતી વખતે પાથરણિયા પર બેસાડવામાં આવતાં હતાં, પરંતુ વર્તમાન આચાર્યના સમયમાં આ વ્યવસ્થા પણ જળવાતી ન હોવાનો આક્ષેપ છે. બાળકોના શિક્ષણ, સુરક્ષા અને સુવિધાઓ અંગે તંત્ર દ્વારા યોગ્ય ધ્યાન આપવામાં આવે તેવી માંગ સાથે વાલીઓ અને ગ્રામજનોએ કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચીમકી આપી છે.

બીજી તરફ, શાળાનાં આચાર્ય મેમૂદાબેને આક્ષેપોને ખોટા ગણાવતાં જણાવ્યું હતું કે હાલમાં સ્વચ્છતા પખવાડિયું અને નિપુણ ભારત કાર્યક્રમ ચાલી રહ્યા છે. બાળકોના વ્યક્તિત્વ વિકાસ માટે ભરાતા 'પત્રક-બી'માં સ્વચ્છતાની પ્રવૃત્તિનો પણ સમાવેશ થાય છે. તેમના જણાવ્યા મુજબ, ધોરણ 1થી 3નાં બાળકો પાસે સફાઈ કરાવવામાં આવતી નથી, જ્યારે ધોરણ 4થી 8નાં બાળકો પાસે શિક્ષણના ભાગરૂપે આ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે સ્વચ્છતા પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ પુરાવા તરીકે અપલોડ કરીને મોકલવાના હોય છે અને જરૂર પડે તો ફોટા કે વીડિયો મેળવી શકાય છે. જોકે, બાળકો પાસે સફાઈ કરાવવાની પદ્ધતિ, કચરો રસ્તા પર નાખવા મોકલવાના આક્ષેપો અને વિદ્યાર્થીઓની સુરક્ષાના મુદ્દે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે છે કે નહીં, તે હવે મહત્ત્વનું બન્યું છે.



## કોટડામાં દારૂના ઠેકાણા પર SMC ત્રાટકી : એક ઝડપાયો, બે વોન્ટેડ..

ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કોટડા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 55 પેટીઓ સહિત રૂ. 4,88,700ની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. માલીવાડ ફળિયા ખાતે અમરસિંહ માલીવાડના રહેણાંક મકાન અને ખેતરમાં હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન વાહનો, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ. 6,31,800નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

SMCના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર ડી.એ. તુવરે હાથ ધરેલી આ રેડમાં દારૂની 2,118 બોટલો, બે વાહનો, બે મોબાઈલ ફોન, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ મળી આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કોટડા ગામના માલીવાડ ફળિયામાં રહેતા અમરસિંહ નાનુભાઈ માલીવાડને પકડી પાડવામાં આવ્યો હતો, જ્યારે સંતરોડ, તા. મોરવા (હડફ), જિ. પંચમહાલના પર્વત પુનાભાઈ બારીયા (પટેલ) અને દારૂનો જથ્થો મોકલનાર અન્ય એક આરોપી ફરાર હોવાથી તેમને વોન્ટેડ જાહેર કરાયા હતા. આ મામલે પકડાયેલા એક અને વોન્ટેડ બે મળી કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે.



### સાહેબ તમે રોજ આવો તો લાઇટો ચાલુ રહે!

## ડભોઇ સરિતા ઓવરબ્રિજ પર વીઆઇપી જતા જ ફરી અંધારપટ છવાયો, સ્થાનિકોમાં ભારે આક્રોશ

ડભોઇ

ગુજરાત તંત્રની બેધારી નીતિ અને બેદરકારીનો વધુ એક શરમજનક અને ઉત્તમ નમૂનો ડભોઈના સરિતા ઓવરબ્રિજ પર જોવા મળ્યો છે. સામાન્ય જનતા માટે મહિનાઓથી અંધારામાં ગરકાવ રહેલા આ મહત્વના ઓવરબ્રિજ પર જ્યારે માનનીય મુખ્યમંત્રી અને અન્ય વીઆઈપી મહાનુભાવોની મુલાકાત આવી, ત્યારે અચાનક તંત્રની આંખ ખુલી અને આખો ઓવરબ્રિજ રોશનીથી ઝગમગી ઉઠ્યો. જોકે, આ વીઆઈપી મુલાકાત પૂર્ણ થતાં જ સાહેબો રવાના થયા અને લાઈટો ફરી ગુલ થઈ ગઈ! આ ઘટના બાદ સ્થાનિક નગરજનો કટાક્ષમાં કહી રહ્યા છે કે, 'સાહેબ, તમે રોજ આવો તો અમારે ત્યાં લાઈટો ચાલુ રહે!' સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) તરફ જતા અતિ મહત્વના એવા ડભોઈ સરિતા ઓવરબ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડી હતી. રાત્રિના સમયે હજારો વાહનચાલકો આ કાળઝાળ અંધારામાં જીવના જોખમે પસાર થવા મજબૂર બનતા હતા, અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નહોતું. પરંતુ તાજેતરમાં મુખ્યમંત્રી સહિતના ઉચ્ચ વીઆઈપી મહેમાનો આ માર્ગ પરથી પસાર થવાના હોવાથી તંત્ર રાતોરાત હરકતમાં આવી ગયું હતું. વીઆઈપી કાફલાને કોઈ તકલીફ ન પડે તે માટે માત્ર ત્રણ દિવસ પૂરતી તમામ લાઈટો ચાલુ કરી દેવામાં આવી હતી. જેવો વીઆઈપી કાફલો આગળ વધ્યો અને રવાના થયો, તની સાથે જ ફરીથી લાઈટો બંધ કરી દેવામાં આવી, જેણે તંત્રની પોલી પોલ ખોલી નાખી છે. પ્રજાના વેરાના પૈસાનું શું? શું સુવિધાઓ માત્ર વીઆઈપીઓ માટે જ છે? આ અસંવેદનશીલ ઘટનાને લઈને ડભોઈના સ્થાનિક રહીશો, વેપારીઓ અને રાહદારીઓમાં ભારે નારાજગી અને રોષ ફેલાયો છે.



## બાળકોની યાદમાં વતન પરત ફરતી મહિલા રાજપીપળામાં અટવાઈ, અભયમ 181એ મદદ કરી

રાજપીપળા

પારિવારિક વિવાદ બાદ રોજગારની શોધમાં ઘરેથી નીકળેલી મહિલા બાળકોની યાદ આવતાં વતન પરત ફરવા નીકળી હતી. જોકે, મુસાફરી માટે પૂરતા નાણાં ન હોવાથી તે રાજપીપળા જકાતનાકા નજીક અટવાઈ ગઈ હતી. ટ્રાફિક પોલીસની સમયસરની જાણના આધારે અભયમ 181ની ટીમે સ્થળ પર પહોંચી મહિલાને જરૂરી સહાય પૂરી પાડી હતી.

મહિલા મુશ્કેલીમાં હોવાની જાણ થતાં ટ્રાફિક પોલીસે અભયમ 181 હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. કોલ મળતાં જ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મહિલા સાથે વાતચીત કરીને તેની પરિસ્થિતિ તથા વતન પરત જવાની ઈચ્છા અંગે વિગતો મેળવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે મહિલા છેલ્લા દોઢ વર્ષથી પતિથી અલગ રહેતી હતી. પતિ સાથેના વિવાદ બાદ તે રોજગાર મેળવવા ઘરેથી નીકળી હતી, પરંતુ બાળકોની યાદ આવતાં તેણે વતન પરત ફરવાનું નક્કી કર્યું હતું. મહિલા જ્યાં કામ કરતી હતી ત્યાંના માલિક પાસેથી મુસાફરી માટે જરૂરી નાણાં લીધા વિના નીકળી પડતાં ભાડાના અભાવે રાજપીપળામાં અટવાઈ ગઈ હતી. સાંજના સમયે મુશ્કેલીમાં મુકાયેલી મહિલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને અભયમ 181ની ટીમે તેની સાથે સંવેદનશીલતાથી વાતચીત કરી જરૂરી સહાય પૂરી પાડી હતી.

## અંબાજી મંદિરમાં નવરાત્રીના પ્રથમ દિવસે ઘટ સ્થાપના વિધિ યોજાઇ...

### અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ, સમગ્ર મંદિર પરિસર ભક્તોથી ઉભરાયુ

અંબાજી

નવલા નોરતાનો આરંભ થયો છે,ત્યારે શક્તિપીઠ અંબાજી મંદિરમાં ભક્તોનો મોટો ઘસારો જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં ભક્તો આજે માતાજીના દર્શન અને માં ની આરાધના કરવા માટે અંબાજી મંદિરમાં પહોંચ્યા છે. અંબાજી મંદિરમાં પ્રવેશવાના તમામ ગેટો પણ માઇ ભક્તોથી ઉભરાઈ ગયા છે તો માં જગતજનની અંબા નું મંદિર જય જય અંબેના જય ઘોષ સાથે ગુંજી રહ્યું છે. તો સાથે સાથે ચારે બાજુ ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રીનાં પ્રથમ દિવસે મંદિરમા ઘટ સ્થાપના વિધિ યોજવામા આવી હતી.સરસ્વતી નદીના જળ લાવીને પૂજા શરૂ થઈ હતી. અંબાજી મંદિરના ચેરમેન અને વહીવટદાર પૂજામાં જોડાયા હતા. આસો નવરાત્રિના પ્રથમ દિવસે અંબાજી મંદિરમાં ભક્તોનો મોટો ઘસારો જોવા મળી રહ્યો છે આજે મોટી સંખ્યામાં ભક્તો માં અંબાના મંદિરમાં પહોંચી માતાજી નો આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે,ત્યારે આજે અંબાજી મંદિરમાં સવારે ઘટ સ્થાપના વિધિ યોજાઇ હતી. વૈદિક મંત્રો ઉચ્ચાર સાથે ઘટ સ્થાપના કરવા મા આવી હતી તો ઝવેરા પણ વાવવામાં આવ્યા હતા. અંબાજી મંદિરના અધિકારી સહિત મંદિરના પૂજારીઓ આ ઘટ સ્થાપના વિધિમાં જોડાયા હતા. અંબાજી મંદિરમા આજે ઘટ સ્થાપનામાં અંબાજી મંદિરનાં ચેરમેન અને વહીવટદાર આ પૂજા વિધિમા ભાગ લીધો હતો. માતાજીની આરતી સાથે વિધિવત મંત્ર ઉચ્ચાર સાથે ઘટ સ્થાપના કરવા મા આવી હતી.દર વર્ષે ની જેમ આ વર્ષે પણ વિધિવત રૂપે ઘટ સ્થાપના કરાઈ હતી. ભટ્ટજી મહારાજ અને મંદિરના પૂજારીઓ દ્વારા વૈદિક મંત્રો ઉપચાર સાથે વિધિવત રૂપે ઘટ સ્થાપના કરવામાં આવી હતી.





### અંજલિ અરોરાએ સોશિયલ મીડિયા પર થતી બદનામી સામે અવાજ ઉઠાવ્યો

# 'કાચા બદામ ગર્લ' થઈ ગુસ્સે, અશ્લીલ કોમેન્ટ્સ કરનારાઓને રેપિસ્ટ ગણાવ્યા

મુંબઈ

'કચ્ચા બદામ' ગર્લ અંજલિ અરોરાએ સોશિયલ મીડિયા પર થતી બદનામી સામે અવાજ ઉઠાવ્યો છે. એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની પોસ્ટ પર આવતી ગંદી કોમેન્ટ્સ અને 'એક રાતના કેટલા આપ્યા?' જેવા શરમજનક સવાલોનો ખુલ્લો જવાબ આપ્યો. અંજલિએ જણાવ્યું કે પૂરા કપડાં પહેરીને રીલ બનાવ્યા છતાં, લોકોએ તેના ચારિત્ર્ય પર કીચડ ઉછાળ્યો. તેણે આવી માનસિકતા ધરાવતા લોકોને 'રેપિસ્ટ' ગણાવ્યા.

સોશિયલ મીડિયાની દુનિયા જેટલી ચમક-દમકવાળી દેખાય છે, તેની પાછળનો અંધકાર એટલો જ ડરામણો અને કડવો હોય છે. 'કચ્ચા બાદામ' ગાવાથી રાતોરાત ઈન્ટરનેટ સેન્સેશન બનેલી અંજલિ અરોરા આજે કોઈ ઓળખની મોહતાજ નથી, પરંતુ આ લોકપ્રિયતાની સાથે તેણે સમાજની એક ખૂબ જ ગંદી અને ઘટિયા માનસિકતાનો પણ સામનો કરવો પડ્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે અંજલિની સામે તેની સોશિયલ મીડિયા પોસ્ટ પર આવતી ગંદી કોમેન્ટ્સ અને 'એક રાતના કેટલા આપ્યા?' જેવા શરમજનક સવાલો મૂકવામાં આવ્યા, ત્યારે તેનું દર્દ છલકાઈ ગયું. અંજલિએ ડર્યા વિના એ લોકોને જવાબ આપ્યો જે ઈન્ટરનેટની આડમાં કોઈપણ મહિલાના ચારિત્ર્યને ધૂળમાં મેળવવાથી પાછા નથી હટતા.\ ટ્રેન્ડ પર કેમ થઈ અકારણ બદનામી? વાતચીતની શરૂઆતમાં જ્યારે અંજલિને પૂછવામાં આવ્યું કે લોકોએ તમને 'કાચા બદામ' વીડિયો પછી કેમ બદનામ કર્યા, ત્યારે તે ખુદ આશ્ચર્યચકિત દેખાઈ. તેણે કહ્યું કે, 'આજદિન સુધી મને સમજાયું નહીં કે તે રીલમાં લોકોને શું ખોટું લાગી ગયું હતું. મેં આખા કપડાં પહેર્યા હતા અને કંઈપણ વલ્ગર નહોતું કર્યું.' મજાની વાત એ છે કે દેશના મોટા-મોટા બોલિવૂડ એક્ટર્સે પણ એ જ ગીત અને સ્ટાઈલ પર રીલ્સ બનાવી હતી, પરંતુ નિશાન ફક્ત તેને જ બનાવવામાં આવી. અંજલિનું માનવું છે કે ભૂલ તેની નથી, પરંતુ એ લોકોના જોવાના નજરિયામાં છે જે દરેક વસ્તુને ખોટા ચશ્માથી જુએ છે અને એવું વર્તન કરે છે જાણે તેણે કોઈ બહુ મોટો પાપ કરી દીધો હોય. શું કોઈએ જાણી જોઈને પરેશાન કરી હતી? \ જ્યારે ઈન્ટરવ્યુમાં આ સવાલ આવ્યો કે શું તમને કોઈના પર શંકા છે કે કોઈએ બદલો લેવા માટે અથવા પ્રપોઝલ ઠુકરાવવા બદલ તેમને બદનામ કરવાનું કોઈ ષડયંત્ર રચ્યું હોય, તો અંજલિએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો. તેણે કહ્યું કે એવું વ્યક્તિગત રૂપે કોઈની સાથે કંઈ નથી.

**મારા વિશે એવી-એવી વાતો લખવામાં આવે છે જેના વિશે હું ખુદ ક્યારેય વિચારી પણ નથી શકતી**

# CJPના વિરોધ પ્રદર્શન પર ભડકી કંગના રનૌત

### કહ્યું- 'દેશદ્રોહી અને આતંકવાદી શક્તિઓ બેનકાબ થઈ રહી છે; દેશમાં અસ્થિરતા લાવવાની ચાલ છે'



મુંબઈ

એક્ટ્રેસ કંગના રનોટે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વને 'દેશદ્રોહી અને આતંકવાદી તાકાતો' ગણાવ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને દિલ્હીના જંતર-મંતર પર CJPના પ્રદર્શન બાદ કંગનાનું આ નિવેદન સામે આવ્યું છે.

શનિવારે દિલ્હી પોલીસે કડક પગલાં લેતાં આશરે 7 હજાર લોકોને કસ્ટડીમાં લીધા હતા અયોધ્યા જતી વખતે લખનઉમાં કંગનાએ કહ્યું કે દેશને અસ્થિર કરવાની સાજિશ રચાઈ રહી છે અને હવે સામાન્ય લોકો જ આ તાકાતોને પકડીને જવાબ માંગશે. અયોધ્યામાં રામલલાનાં દર્શન કરવા જતા સમયે લખનઉ પહોંચેલી કંગના રનૌતને જ્યારે દિલ્હીમાં થયેલા વિરોધ પ્રદર્શન અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે કહ્યું કે દેશવિરોધી તાકાતોનું સત્ય હવે ઉજાગર થઈ રહ્યું છે.

કંગનાએ કહ્યું કે પોલીસની વાત તો અલગ છે, હવે સામાન્ય જનતા પોતે જ આ લોકોને પકડીને પ્રશ્નો પૂછશે, કારણ કે લોકોએ તેમને ઓળખવાનું શરૂ કરી દીધું છે. તેમણે વધુમાં કહ્યું કે દેશની સુરક્ષા માટે એજન્સીઓ કામ કરી રહી છે, પરંતુ એ ધ્યાન રાખવું જરૂરી છે કે સામાન્ય નાગરિકોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

ઈલોન મસ્ક પર પણ ભડકી હતી કંગના રનૌતકંગના રનૌતે ઈલોન મસ્ક અને ભારતમાં સ્ટારલિંકને લાઈસન્સ આપવામાં થઈ રહેલા વિલંબ અંગે ચાલી રહેલી ચર્ચા પર પ્રતિક્રિયા આપી છે. તેમણે અભિનેતા અને રાજ્યસભા સાંસદ કમલ હાસનના નિવેદનનું સમર્થન કર્યું. કંગનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર હાસનની ટિપ્પણીની પ્રશંસા કરી.

# 'દૃશ્યમ 3'ની અભિનેત્રી ઈશિતા દત્તાએ સંભળાવી દર્દનાક કહાની

### દીકરીના જન્મ બાદ પણ ઈશિતાની મુશ્કેલીઓનો અંત આવ્યો નહોતો. પ્રસૂતિના એક મહિના પછી તેમને પિત્તાશયની સર્જરી કરાવવી પડી હતી

મુંબઈ

બોલીવુડ અભિનેત્રી ઈશિતા દત્તા હાલમાં અજય દેવગનની ફિલ્મ 'દૃશ્યમ: ધ કન્ક્લૂઝન'માં અંજુ સાલગાંવકરની ભૂમિકા ભજવવા બદલ ચર્ચામાં છે. જોકે, આ વખતે અભિનેત્રી પોતાની ફિલ્મને બદલે અંગત જીવનમાં સામનો કરેલી મુશ્કેલીઓના કારણે ચર્ચામાં આવી છે.

ઈશિતાએ ખુલાસો કર્યો છે કે બીજી પ્રેગ્નન્સીના અંતિમ દિવસોમાં તેની તબિયત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. પિત્તાશયમાં પથરી થવાને કારણે તેને વારંવાર અસહ્ય દુખાવો થતો હતો. બીમારી અને ત્યાર બાદ કરાવેલી સર્જરીની અસર એવી થઈ હતી કે માત્ર 40 દિવસમાં તેનું 15 કિલો વજન ઘટી ગયું હતું. ઈશિતા દત્તા અને તેના પતિ વત્સલ સેઠ વર્ષ 2025માં બીજી વખત માતા-પિતા બન્યાં હતાં. આ પહેલાં વર્ષ 2023માં તેમના ઘરે પુત્ર વાયુનો જન્મ થયો હતો. બીજી પ્રેગ્નન્સીના અંતિમ તબક્કામાં ઈશિતાને પિત્તાશયમાં પથરી હોવાની જાણ થઈ હતી. આ ઉપરાંત, સમય પહેલાં પ્રસૂતિ થવાની આશંકાને કારણે તેને બેડ રેસ્ટ કરવાની સલાહ પણ આપવામાં આવી હતી. ગર્ભાવસ્થા દરમિયાન તેની તબિયત સતત ખરાબ રહેતી હતી અને દર અઠવાડિયે દુખાવાનો સામનો કરવો પડતો હતો.

ઈશિતાએ આપેલા એક ઈન્ટરવ્યૂમાં પોતાની મુશ્કેલીઓ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે પ્રેગ્નન્સીના છેલ્લા દિવસોમાં તેને પિત્તાશયમાં પથરી હોવાનું જાણવા મળ્યું હતું. તેના કારણે દર અઠવાડિયે દુખાવો થતો હતો. જોકે, તે સમયે ડૉક્ટરો સર્જરી કરી શકે તેમ નહોતા, કારણ કે પહેલાં પ્રસૂતિ થવી જરૂરી હતી. આ દરમિયાન અભિનેત્રીએ ઘણી શારીરિક તકલીફો સહન કરી હતી. બીમારીને કારણે તેની દિનચર્યા પણ પ્રભાવિત થઈ હતી અને તેને સ્વાસ્થ્યની વધુ કાળજી રાખવી પડી હતી. અભિનેત્રીએ પોતાના વજનમાં આવેલા મોટા ઘટાડા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે માત્ર 40 દિવસમાં તેનું 15 કિલો વજન ઘટી ગયું હતું. તેણે આ સમયને પોતાના જીવનનો અત્યંત ખરાબ અને ભયાનક તબક્કો ગણાવ્યો હતો. ઈશિતાના જણાવ્યા અનુસાર, લોકો તેના વજનમાં થયેલા ઘટાડાનું પરિણામ તો જુએ છે, પરંતુ તેની પાછળ રહેલી પીડા અને મુશ્કેલીઓ વિશે જાણતા નથી. તેણે સ્પષ્ટ કર્યું હતું કે આ કોઈ જાણીજોઈને કરવામાં આવેલી વેઈટ લોસ જર્ની નહોતી, પરંતુ ગંભીર બીમારીનું પરિણામ હતું.





# કેટરિના કૈફની મજાક ઉડાવવાની ચેનલે કરી માગ: મનીષ પૉલ

### મનીષે સ્પષ્ટ કર્યું કે કોઈ વ્યક્તિને ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ ન હોય તો તેને મનોરંજનનો વિષય બનાવવો યોગ્ય નથી

મુંબઈ

ટેલિવિઝનના જાણીતા હોસ્ટ અને અભિનેતા મનીષ પૉલે એક ઈન્ટરવ્યૂમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે, જેને લઈ સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચા જાગી છે. મનીષ પૉલે જણાવ્યું કે એક ટીવી ચેનલે તેને શો દરમિયાન બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફની હિન્દી બોલવાની શૈલીની મજાક ઉડાવવા કહ્યું હતું, પરંતુ તેણે આ સૂચન સ્વીકાર્યું નહોતું. મનીષનું માનવું છે કે કોઈ વ્યક્તિને નીચું બતાવ્યા વિના દર્શકોને હસાવી શકાય છે. મનીષ પૉલે આપેલા ઈન્ટરવ્યૂમાં કેટરિના સાથેના પોતાના સંબંધો અને જૂના અનુભવો વિશે વાત કરી હતી. તેણે જણાવ્યું કે જ્યારે તે એવોર્ડ શો અને અન્ય કાર્યક્રમોનું સંચાલન કરતા હતા, ત્યારે કેટરિના ઘણી વખત કાર્યક્રમોમાં હાજરી આપતી હતી. મનીષના જણાવ્યા અનુસાર કેટરિના તેની હાજરીમાં અનુભવતી હતી, કારણ કે તેણે ક્યારેય તેની હિન્દીની મજાક ઉડાવી નહોતી. મનીષે સ્પષ્ટ કર્યું કે કોઈ વ્યક્તિને ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ ન હોય તો તેને મનોરંજનનો વિષય બનાવવો યોગ્ય નથી. મનીષે ખુલાસો કર્યો કે કેટલીક વખત ટીવી ચેનલો તેને કેટરિના પાસે હિન્દીના શબ્દો બોલાવડાવીને દર્શકોને હસાવવાનું કહેતી હતી. જોકે, તેને આ વિચાર પસંદ નહોતો. મનીષે ચેનલના જવાબદાર લોકોને સમજાવ્યું હતું કે દર્શકોને હસાવવા માટે તે પોતાની રીતે રમૂજી સંવાદો અને પંચલાઈન્સ રજૂ કરી શકે છે. કોઈ કલાકારને અસહજ બનાવીને અથવા તેની મજાક ઉડાવીને જ હાસ્ય ઊભું કરવું જરૂરી નથી, એવો તેનો સ્પષ્ટ મત હતો. કેટરિના કૈફ સાથેની પોતાની યાદો વાગોળતાં મનીષે ફિલ્મ 'તીસ માર ખાન'નો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ફિલ્મમાં કેટરિના સાથે અક્ષય કુમાર પણ જોવા મળ્યો હતો. મનીષે જણાવ્યું કે કેટરિના ફિલ્મના સેટ પર આવતી ત્યારે તે ખુશ થતો હતો.

# નાના પાટેકરનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યો:દાવો- હૃદયની ધમનીમાં લોહીનો ગઠ્ઠો જામવાથી હાર્ટ એટેક આવ્યો હતો

મુંબઈ

નાના પાટેકરના મૃત્યુનું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે. ડૉક્ટરોએ તેમના મૃત્યુને કુદરતી ગણાવ્યું છે. ટીવી 9 ભારતવર્ષ અનુસાર, પાટેકર કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD)થી પીડિત હતા. તેમના હૃદયની મુખ્ય ધમનીમાં લોહીનો ગઠ્ઠો (બ્લડ ક્લૉટ) જામવાના કારણે હૃદયના એક મોટા ભાગમાં લોહી વહેતું અટકી ગયું, જેના કારણે તેમને ગંભીર હાર્ટ એટેક આવ્યો. ગંભીર હાર્ટ એટેકની અસરને કારણે અંતે તેમનું હૃદય ધબકવાનું બંધ થઈ ગયું, જેને તબીબી ભાષામાં કાર્ડિયાક અરેસ્ટ કહેવામાં આવે છે. નાના પાટેકરને આશરે 45 મિનિટ સુધી CPR આપવામાં આવ્યું હતું, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો નહીં. નાનાએ નિધનના થોડા કલાકો પહેલાં મિત્રને મેસેજ કર્યો હતો પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે નાના પાટેકરે નિધનના થોડા કલાકો પહેલાં પોતાના નજીકના મિત્ર અમેય નાઈકનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે 8 ઓક્ટોબરની સવારે આશરે 2:30 વાગ્યે વોટ્સએપ પર મેસેજ મોકલીને તબિયત સારી ન હોવાની જાણકારી આપી હતી. ત્યારબાદ તેમણે અમેયને ફોન પણ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, અમેય નાઈકએ નાનાં પાટેકરનો મેસેજ સવારે લગભગ 3:30 વાગ્યે જોયો. ત્યારબાદ તેઓ તરત જ તેમના ડોના પાવલા સ્થિત ઘરે પહોંચ્યા.

ત્યાં તેમણે નાનાને સોફા પર બેભાન હાલતમાં જોયા. પરિસ્થિતિની ગંભીરતા જોતા અમેયે સુરક્ષા ગાર્ડની મદદથી હોસ્પિટલની ઈમર્જન્સી સેવાઓનો સંપર્ક કર્યો. ત્યારબાદ નાનાં પાટેકરને મણિપાલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. મણિપાલ હોસ્પિટલના ડૉ. શેખર સાલકરના જણાવ્યા મુજબ નાનાં પાટેકરનું સવારે 5:20 વાગ્યે અવસાન થયું.



## રણજી ટ્રોફીની 92મી સીઝનમાં 38 ટીમ 138 મેચ રમશે

# વિશ્વની સૌથી મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ થઈ

મુંબઈ

વિશ્વની સૌથી મોટી ડોમેસ્ટિક રેડ-બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ રણજી ટ્રોફી આજથી રમાઈ રહી છે. 1934-35માં શરૂ થયેલી આ ચેમ્પિયનશિપની આ 92મી સીઝન છે. તેમાં 38 ટીમ ટાઇટલ માટે મેદાનમાં ઉતરી રહી છે. 138 મેચ રમાશે. ટુર્નામેન્ટના ઈતિહાસમાં મુંબઈએ સૌથી વધુ 42 વખત ટાઇટલ જીત્યા છે.

રણજી ટ્રોફી ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવવા માટેનું મહત્વપૂર્ણ મંચ રહી છે. આ સીઝનમાં યશસ્વી જાયસવાલ, કેએલ રાહુલ, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, સરફરાઝ ખાન અને રવીન્દ્ર જાડેજા જેવા ખેલાડીઓના પ્રદર્શન પર પણ નજર રહેશે. જુલાઈ 1934માં BCCIએ દેશમાં પ્રથમ શ્રેણીની ક્રિકેટ યોજવાનો વિચાર રજૂ કર્યો. તે સમયે તેનું નામ 'ક્રિકેટ ચેમ્પિયનશિપ ઑફ ઈન્ડિયા' હતું. પ્રથમ સીઝનમાં 15 ટીમે ભાગ લીધો હતો.



પટિયાલાના મહારાજા ભુપિન્દર સિંહે ટ્રોફીનું દાન કર્યું હતું. પ્રથમ મેચ મદ્રાસ અને મૈસૂર વચ્ચે ચેપોક ખાતે રમાઈ હતી. બોમ્બે આ સીઝનનું ચેમ્પિયન બન્યું. પાછળથી ટુર્નામેન્ટનું નામ નવાગરના રાજપરિવાર સાથે સંકળાયેલા કુમાર શ્રી રણજિતસિંહના નામ પરથી રાખવામાં આવ્યું. રણજી તરીકે જાણીતા રણજિતે 1896થી 1902 વચ્ચે ઈંગ્લેન્ડ માટે 15 ટેસ્ટ રમી હતી. તેમણે ભારતને બદલે ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું, કારણ કે તે સમયે ભારતની પોતાની ટેસ્ટ ટીમ નહોતી. ના. 1892માં યુરોપિયન અને પારસી ટીમો વચ્ચે બોમ્બે પ્રેસિડેન્સી મેચ રમાઈ હતી. બાદમાં આ ટુર્નામેન્ટ બોમ્બે ટ્રાયએંગ્યુલર, ક્વાડ્રૈંગ્યુલર અને પછી પેન્ટાંગ્યુલરના રૂપમાં આગળ વધી. તેમાં હિન્દુ, મુસ્લિમ અને 'ધ રેસ્ટ' જેવી ટીમ પણ સામેલ થઈ હતી. આ ટુર્નામેન્ટ 1946 સુધી ચાલી. મુંબઈએ 42 વખત ખિતાબ જીત્યો છે. સતત 15 સીઝન ચેમ્પિયન બનવાનો રેકોર્ડ પણ મુંબઈના નામે છે. 8 ખિતાબ સાથે કર્ણાટક બીજા અને 7 ખિતાબ સાથે દિલ્હી ત્રીજા સ્થાને છે. જોકે, ગયા સીઝનની સૌથી મોટી કહાની જમ્મુ-કાશ્મીરની રહી. 1959-60થી ટુર્નામેન્ટમાં રમી રહેલી આ ટીમ 67 વર્ષ બાદ ચેમ્પિયન બની.

## હસન મહમૂદે અફઘાનિસ્તાન સામે ટેસ્ટ હેટ્રિક લીધી

અબુ ધાબી

બાંગ્લાદેશનો ઝડપી બોલર હસન મહમૂદે ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો. તે દેશનો પ્રથમ ઝડપી બોલર બન્યો, જેણે ટેસ્ટમાં હેટ્રિક લીધી છે.



26 વર્ષીય મહમૂદે અબુ ધાબીમાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટના ત્રીજા દિવસે સતત બોલમાં ઈસ્મત આલમ, કૈસ અહમદ અને જિયા-ઉર-રહમાનને આઉટ કર્યા. મહમૂદે 21 ઓવરમાં 55 રન આપીને 5 વિકેટ લીધી. અફઘાનિસ્તાનની ટીમ પ્રથમ દાવમાં 240 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. બાંગ્લાદેશે પહેલી ઈનિંગમાં 346 રન બનાવ્યા હતા અને તેને 106 રનની લીડ મળી. મહમૂદે 83મી ઓવરમાં ઈસ્મત આલમને બોલ્ડ કર્યો. તેનો બોલ ઈસ્મતના ડિફેન્સને ચકમો આપીને સ્ટમ્પ્સ સાથે અથડાયો. પછીના જ બોલ પર તેણે કૈસ અહમદને આઉટ કર્યો. વિકેટકીપર લિટન દાસે સ્ટમ્પ્સ પાછળ નીચે કેચ પકડ્યો. ત્યારબાદ જિયા-ઉર-રહમાન મહમૂદની હેટ્રિક બોલ પર આઉટ થયો. બોલ જિયાના પેડ પર વાગ્યો અને મહમૂદે LBW માટે અપીલ કરી. મેદાની અમ્પાયરે અપીલ ફગાવી દીધી. બાંગ્લાદેશના કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ રિવ્યૂ લીધો. બોલ-ટ્રેકિંગમાં દેખાયું કે બોલ ઑફ સ્ટમ્પ સાથે અથડાતો હતો. ત્યારબાદ નિર્ણય બદલ્યો અને મહમૂદની હેટ્રિક પૂરી થઈ.

### ભારત સામેની ટેસ્ટ માટે ટીમ જાહેર

## ન્યૂઝીલેન્ડની વન-ડે ટીમમાં રાચિન-ચેપમેનનું કમબેક

ઓકલેન્ડ

ન્યૂઝીલેન્ડે ભારત સામે આવતા મહિને યોજાનારી 5 મેચની વન-ડે સિરીઝ માટે 21 સભ્યોની ટીમ જાહેર કરી છે. ઈજાના કારણે T20 સિરીઝમાંથી બહાર રહેલા રચિન રવીન્દ્ર અને માર્ક ચેપમેનની વન-ડે ટીમમાં વાપસી થઈ છે. કેપ્ટન મિચેલ સેન્ટનર સહિત 6 ખેલાડીઓ સમગ્ર સિરીઝ રમશે, જ્યારે 8 ખેલાડીઓ શરૂઆતની 3 વન-ડે બાદ ટેસ્ટ સિરીઝની તૈયારી માટે પરત ફરશે. છેલ્લી 2 વન-ડે માટે 7 નવા ખેલાડીઓને ટીમમાં સામેલ કરવામાં આવશે. ન્યૂઝીલેન્ડના મુખ્ય કોચ રોબ



વૉલ્ટરે વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને ખેલાડીઓને ત્રણ જૂથોમાં વહેંચ્યા છે. ભારત સામેની વન-ડે સિરીઝ બાદ ન્યૂઝીલેન્ડે 2 ટેસ્ટ મેચ પણ રમવાની છે. ઓક્ટોબરમાં એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન કેચ લેવા માટે ડાઈવ લગાવતી વખતે રચિન રવીન્દ્રનો ખભો ખસી ગયો હતો. આ કારણે તે T20 સિરીઝ માટે પસંદગી માટે ઉપલબ્ધ નહોતો. તો, હેમસ્ટ્રિંગની ઈજાને કારણે માર્ક ચેપમેન T20 ટીમમાં સ્થાન મેળવી શક્યો નહોતો. બંને હવે વન-ડે સિરીઝમાંથી પરત ફરશે. છેલ્લી 2 વન-ડેમાં એલન, ફર્ગ્યુસન અને સેફર્ટને તક ફિન એલન, લોકી ફર્ગ્યુસન અને ટીમ સીફર્ટને છેલ્લી 2 વન-ડે માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. આ ત્રણેય છેલ્લા 18 મહિનાથી ન્યૂઝીલેન્ડની વન-ડે ટીમનો ભાગ રહ્યા નથી. આ દરમિયાન તેણે પ્રોફેશનલ T20 લીગમાં રમવાને પ્રાથમિકતા આપી. કોચ રોબ વૉલ્ટરે કહ્યું કે 21 ખેલાડીઓને તક મળવી ન્યૂઝીલેન્ડની બેન્ચ સ્ટ્રેન્થ દર્શાવે છે.

## વૈભવમાં મને મારી વિચારસરણી દેખાય છે: સેહવાગ

### પહેલા જ બોલ પર શોટ મારવા માગે છે; ઉંમર નહીં, પ્રદર્શન ભારતીય ટીમમાં સ્થાન નક્કી કરે

નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે કહ્યું છે કે 15 વર્ષના યુવા બેટર વૈભવ સૂર્યવંશીમાં તેમને પોતાની નિર્ભય બેટિંગની ઝલક જોવા મળે છે. સહેવાગે કહ્યું- 'સૂર્યવંશી પહેલી જ બોલથી શોટ લગાવવા માગે છે.' દિલ્હીમાં PHD ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સત્રમાં સહેવાગે સૂર્યવંશીનું સમર્થન કર્યું. તેમણે કહ્યું કે ભારત માટે રમવાની તક મળવા પર સૂર્યવંશી તેનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે છે. સહેવાગે એમ પણ કહ્યું કે ભારતીય ક્રિકેટમાં તેમનું સ્થાન ઉંમરથી નહીં, પરંતુ પ્રદર્શનથી નક્કી થવું જોઈએ. સેહવાગે વૈભવ સૂર્યવંશીની ઉંમરને લઈને ઊભી થઈ રહેલી



ચિંતાઓને ફગાવી દીધી. તેમણે કહ્યું કે ઉંમરની મર્યાદા માત્ર ઉંમર આધારિત સ્પર્ધાઓમાં જ મહત્વ ધરાવે છે. સેહવાગે કહ્યું- 'જો તમે કોઈ ઉંમર આધારિત સ્પર્ધામાં રમી રહ્યા હો, તો આ વાત સાચી છે. જો અંડર-19 હોય, તો તમારી ઉંમર 19 વર્ષથી ઓછી હોવી જોઈએ.' વૈભવ સૂર્યવંશીને હજુ પણ સતત તકની રાહ સૂર્યવંશીએ જુલાઈ 2026માં ઈંગ્લેન્ડ સામે સિનિયર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું. તે 15 વર્ષ અને 99 દિવસની ઉંમરે ભારતનો સૌથી નાની વયનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બન્યો. તેણે માન્ચેસ્ટરમાં રમાયેલી પોતાની પ્રથમ T20 મેચમાં 10 બોલમાં 14 રન બનાવ્યા. આ ઈનિંગ્સમાં તેની આક્રમક વિચારસરણી જોવા મળી, જોકે ભારત મેચ હારી ગયું.

આ પછી પણ સૂર્યવંશી ભારતની પ્લેઈંગ-11માં નિયમિત સ્થાન બનાવી શક્યો નથી. તે ટીમનો ભાગ રહ્યો છે, પરંતુ ટીમ કોમ્બિનેશન અને ઓપનિંગ સ્થાન માટે સેમસન અને તેમની વચ્ચે સ્પર્ધા ચાલુ રહી છે.



### HD ફાયર અને ફ્યુઝન CX જેવા મોટા ઈશ્યૂ સામેલ

## 5 IPO બજારમાંથી ₹1,600 કરોડ ભેગા કરશે

મુંબઈ

સોમવાર 12 ડિસેમ્બરથી શરૂ થતા અઠવાડિયામાં 5 કંપનીઓ IPO દ્વારા બજારમાંથી લગભગ 1,600 કરોડ રૂપિયા ભેગા કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત એક કંપનીનું લિસ્ટિંગ પણ થશે. 1. HD ફાયર પ્રોટેક્ટ: 712 કરોડનો IPO, સંપૂર્ણ ઑફર ફૉર સેલ તારીખ: આ IPO 13 ઑક્ટોબરે ખુલશે અને 15 ઑક્ટોબરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ: પ્રાઈસ બેન્ડ 258થી 271 રૂપિયા પ્રતિ શેર છે. લૉટ સાઈઝ 55 શેરની છે. ઈશ્યૂ સાઈઝ: આ સમગ્ર 712 કરોડ રૂપિયાનો ઈશ્યૂ ઑફર ફૉર સેલ છે. લિસ્ટિંગ: સ્ટૉકનું લિસ્ટિંગ 21 ઑક્ટોબરે થવાની આશા છે. 90થી વધુ દેશોમાં એક્સપોર્ટ, નફો




116.79 કરોડ થયો 1997માં સ્થપાયેલી HD ફાયર પ્રોટેક્ટ આગ બુઝાવવા અને સુરક્ષા સાથે જોડાયેલાં સાધનો તથા સિસ્ટમ્સનું ઉત્પાદન અને સપ્લાય કરે છે. તેના ઉત્પાદનોમાં સ્પ્રિંકલર્સ, એલાર્મ વાલ્વ્સ, ડેલ્યુજ વાલ્વ્સ, ફોમ સિસ્ટમ્સ, મોનિટર્સ, નોઝલ્સ, કસ્ટમ-ઈન્જિનિયર્ડ સિસ્ટમ્સ અને ગૅસ સેપરેશન સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. કંપની ઓઈલ એન્ડ ગેસ, રિફાઈનિંગ, પેટ્રોકેમિકલ્સ, પાવર, હેવી એન્જિનિયરિંગ, એરોસ્પેસ, ફાર્મા, ડેટા સેન્ટર્સ, હોસ્પિટાલિટી અને હેલ્થકેર ક્ષેત્રોને પોતાની સેવાઓ આપે છે. કંપની 90થી વધુ દેશોમાં એક્સપોર્ટ કરે છે અને મહારાષ્ટ્રમાં તેના બે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ છે. કંપનીની આવક નાણાકીય વર્ષ 2024ના 372.95 કરોડથી વધીને નાણાકીય વર્ષ 2026માં 489.28 કરોડ થઈ ગઈ. 2026માં નફો 116.79 કરોડ રહ્યો, જે એક વર્ષ અગાઉ 109.72 કરોડ હતો. 2. ફ્યુઝન CX: 702 કરોડનો IPO, ફ્રેશ શેર અને OFSનું મિશ્રણ તારીખ: આ IPO 14 ઓક્ટોબરે ખુલશે અને 16 ઓક્ટોબરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ: 275થી 289 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે. લૉટ સાઈઝ 51 શેરની છે.

### 2026માં ઉપાડ ₹3 લાખ કરોડને પાર

## વિદેશી રોકાણકારોએ ઑક્ટોબરમાં ભારતીય બજારમાંથી ₹44,166 કરોડ ઉપાડ્યા

મુંબઈ

વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાંથી નાણાં ઉપાડવાનો સિલસિલો ચાલુ છે. ઓક્ટોબર મહિનામાં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં ઈક્વિટી માર્કેટમાંથી 44,166 કરોડની રકમ ઉપાડી છે. આ સાથે જ વર્ષ 2026માં અત્યાર સુધીમાં FPIsનો કુલ નેટ આઉટફ્લો વધીને 3.04 લાખ કરોડથી વધુ થઈ ગયો છે. ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતો, મજબૂત બની રહેલો અમેરિકન ડૉલર અને 10 વર્ષના અમેરિકન બૉન્ડ યીલ્ડમાં વધારો વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલી આ નાણાં ઉપાડવાની પ્રક્રિયાના મુખ્ય કારણો છે. આ ઉપરાંત, નૉર્થ એશિયાઈ બજારોમાં આર્ટિફિશિયલ



ઈન્ટેલિજન્સ (AI) સાથે જોડાયેલી કંપનીઓમાં આવેલી તેજી પણ વિદેશી રોકાણકારોને પોતાની તરફ આકર્ષી રહી છે. સપ્ટેમ્બર બાદ ઓક્ટોબરમાં પણ વેચવાલી ચાલુ રહી. NSDLના આંકડા અનુસાર, ઓક્ટોબરમાં થયેલી નાણાં ઉપાડવાની પ્રક્રિયા પહેલાં સપ્ટેમ્બર મહિનામાં પણ વિદેશી રોકાણકારોએ 35,861 કરોડના શેર વેચ્યા હતા. આ પહેલાં જુલાઈમાં FPIsએ ભારતીય શેરોમાં 20,200 કરોડ અને ઓગસ્ટમાં 29,631 કરોડનું રોકાણ કર્યું હતું. વર્ષ 2026માં અત્યાર સુધીમાં થયેલી 3.04 લાખ કરોડની ઉપાડ, 2025માં નોંધાયેલી કુલ 1.66 લાખ કરોડની ઉપાડની સરખામણીએ લગભગ બમણી છે. આ ભારત વિરુદ્ધ નથી, વૈશ્વિક પુનઃસ્થાપન છે: વેદાંત ગુપ્તે ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ Trackkના સહ-સ્થાપક અને CEO વેદાંત ગુપ્તેનું કહેવું છે કે વિદેશી રોકાણકારોની આ વેચવાલીને ભારતમાં રોકાણના ખરાબ વાતાવરણ તરીકે નહીં, પરંતુ દુનિયાભરના બજારોમાં પોતાના નાણાંનું નવેસરથી રોકાણ કરવાની પ્રક્રિયા તરીકે જોવી જોઈએ.

### સેટેલાઇટ ઇન્ટરનેટ સર્વિસ 'સ્ટારલિંક'ની કિંમતો ભારતમાં ઘણી સસ્તી હશે

## ભારતમાં સ્ટારલિંક લાવવા અંગે ઈલોનનો દાવો, કહ્યું- 'અંબાણીનો ધંધો બંધ નહીં થાય, નફો ઘટશે

### સ્વાભાવિક છે કે જો સ્ટારલિંક ભારતમાં ખૂબ મોંઘી હશે, તો તેને કોઈ ખરીદશે નહીં. તેથી સ્પેસએક્સે અહીં ટકી રહેવા માટે પોતાની કિંમતો સસ્તી રાખવી જ પડશે.

મુંબઈ

સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ 'સ્ટારલિંક'ની કિંમતો ભારતમાં ઘણી સસ્તી હશે. દેશમાં તેની એન્ટ્રીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ઈલોન મસ્કે તેના સંકેત આપ્યા છે. તેમનું કહેવું છે કે માર્કેટમાં કંપનીઓ વચ્ચે સ્પર્ધા વધવાથી આખરે ફાયદો ભારતીય યુઝર્સને જ થશે.



તેમણે કહ્યું કે સ્ટારલિંકના આવવાથી અંબાણીનો નફો થોડો ઘટી શકે છે, પરંતુ તેમનો બિઝનેસ બંધ નહીં થાય. સ્વાભાવિક છે કે જો સ્ટારલિંક ભારતમાં ખૂબ મોંઘી હશે, તો તેને કોઈ ખરીદશે નહીં. તેથી સ્પેસએક્સે અહીં ટકી રહેવા માટે પોતાની કિંમતો સસ્તી રાખવી જ પડશે. ઈલોન મસ્ક ભારતમાં સ્ટારલિંકની લોન્ચિંગમાં થઈ રહેલા વિલંબને લઈને છેલ્લા કેટલાક દિવસોથી નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. આ વિલંબ માટે તેઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને જવાબદાર ગણાવી રહ્યા છે અને તેમની વિરુદ્ધ સતત સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. હાલમાં મસ્કે પોતાની એક પોસ્ટમાં મુકેશ અંબાણી પર કટાક્ષ કરતાં તેમને 'પ્રાઈમ મિનિસ્ટર અંબાણી' લખ્યું હતું. આ પોસ્ટમાં તેમણે અંબાણીને ભારતના અસલી બોસ ગણાવ્યા હતા. તેમનું કહેવું હતું કે સ્ટારલિંક ભારતમાં ઈન્ટરનેટ વિનાના વિસ્તારોમાં કનેક્ટિવિટી પહોંચાડી શકે છે. તેનાથી છેવાડાના વંચિત બાળકોને શિક્ષણ અને નાના વેપારીઓને વૈશ્વિક બજાર સુધી પહોંચ મળશે. મસ્કની આ પોસ્ટ પછી કેટલાક લોકોએ કહ્યું કે ભારતમાં દુનિયાનું સૌથી સસ્તું અને ઝડપી ઈન્ટરનેટ ઉપલબ્ધ છે. અહીં માત્ર 300-400 પ્રતિ મહિને 60GB ડેટા મળી જાય છે, જે છેવાડાનાં ગામોમાં પણ સારી રીતે કામ કરે છે. આવી સ્થિતિમાં એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે જ્યારે સ્ટારલિંક અન્ય દેશોમાં આશરે 2,200 પ્રતિ મહિને ચાર્જ કરે છે, તો ભારતમાં તેને કોણ ખરીદશે. આ દલીલનો જવાબ આપતાં મસ્કે કહ્યું કે એક તરફ તેઓ દાવો કરે છે કે સ્ટારલિંક ભારતમાં જિયોના સસ્તા પ્લાન્સનો મુકાબલો નહીં કરી શકે. બીજી તરફ તેઓ એમ પણ કહે છે કે સ્ટારલિંકના આવવાથી સ્પર્ધા વધશે. આ બંને વાતો એકસાથે સાચી હોઈ શકે નહીં. સત્ય એ છે કે માર્કેટમાં સ્પર્ધા વધવાથી હંમેશાં સામાન્ય ગ્રાહકોને જ ફાયદો થાય છે.

## કૃષિ ચીજવસ્તુઓના ઊંચાભાવથી ખાદ્ય ફુગાવો વકરવાના એંધાણ

- **ચોખા, ખાંડ, સરસવનું તેલ અને ડુંગળી સહિતની કૃષિ ચીજોના ભાવ ગત વર્ષની તુલનાએ નોંધપાત્ર ઊંચા**

મુંબઈ

ગ્રાહક બાબતોના વિભાગના પ્રાઈસ મોનિટરિંગ સેલ મુજબ, ચોખા, ખાંડ, સરસવનું તેલ અને ડુંગળી સહિતની મુખ્ય કૃષિ ચીજવસ્તુઓના છૂટક ભાવ પાછલા વર્ષની સરખામણીએ નોંધપાત્ર રીતે ઊંચા સ્તરે છે. આ ચીજવસ્તુઓના ભાવમાં વાધારાનું કારણ ઉત્પાદનમાં ઘટાડો અને વૈશ્વિક બજારમાં ઊંચા ભાવો છે. આ ચીજવસ્તુઓના ઊંચા ભાવો આગામી મહિનાઓમાં ખાદ્ય ફુગાવો વાધુ વાધારે તેવી શક્યતા છે. ગત વર્ષની સરખામણીએ ઓગસ્ટ મહિનામાં રિટેલ ખાદ્ય ફુગાવો ૫.૯૫% રહ્યો હતો, જેનું મુખ્ય કારણ આદુ, લસણ, ડુંગળી, ખાંડ અને ખાદ્ય તેલના ભાવમાં વાધારો હતો. સપ્ટેમ્બર મહિના માટે ગ્રાહક ભાવ સૂચકાંકના આંકડા સોમવારે જાહેર થવાના છે. હાલમાં ડુંગળીના સરેરાશ રિટેલ ભાવ વધીને રૂ. ૫૩.૫૨ પ્રતિ કિલો થયા હતા, જે એક વર્ષ અગાઉ કરતાં ૧૦૦% વાધુ છે. છેલ્લા એક મહિનામાં છૂટક ભાવમાં ૫૦% થી વધુનો વધારો થયો છે, જ્યારે દિલ્હી-એનસીઆરમાં ભાવ રૂ. ૬૦ પ્રતિ કિલોને વટાવી ગયા છે.

જોકે, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને રાજસ્થાનમાં ખરીફ પાકની નવી આવક શરૂ થવા, વાવેતર વિસ્તાર વધવા અને પાકની સ્થિતિ મજબૂત હોવાને કારણે મહારાષ્ટ્રમાં સરેરાશ મંડીના ભાવમાં લગભગ ૧૩%નો ઘટાડો જોવા મળ્યો છે.

# AMCમાં મોટો વિસ્ફોટ: ગેરકાયદે બાંધકામની 21 'લાઈવ' ફાઈલો ગાયબ!

## શાહપુર વોર્ડમાં મોટી ગોબાચારી? એસ્ટેટ વિભાગની શંકાસ્પદ ભૂમિકા સામે ભારે રોષ



**બેદરકારી કે મિલિભગતથી રચાયેલું ષડયંત્ર? ડેપ્યુટી એસ્ટેટ ઓફિસરે દોડધામ કરીને પત્ર લખવો પડ્યો!**

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નો એસ્ટેટ વિભાગ ફરી એકવાર વિવાદ અને ભ્રષ્ટાચારના વમળમાં ફસાયો છે. મધ્ય ઝોનના અતિ સંવેદનશીલ અને ગીચ એવા શાહપુર વોર્ડમાં ગેરકાયદેસર બાંધકામો સંબંધિત ૨૧ જેટલી અતિ મહત્વની મૂળ ફાઈલો અને દસ્તાવેજો રહસ્યમય રીતે ગુમ થઈ જતાં મ્યુનિસિપલ તંત્રમાં કંપારી છૂટી ગઈ છે. કરોડો રૂપિયાના બે નંબરી બાંધકામોને પ્રોટેક્શન આપવા માટે આ ફાઈલો ગાયબ કરી દેવાઈ છે કે પછી કાગળો સગેવગે કરવાનું કોઈ મોટું ષડયંત્ર છે, તેને લઈને હવે અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

મળતી એક્સક્લુઝિવ વિગતો મુજબ, મધ્ય ઝોનની એસ્ટેટ અને નગર વિકાસ વિભાગની કચેરીમાં રાખવામાં આવેલી સી-શેડ (C-Shed) સંબંધિત વિવિધ કેસ નંબરની મૂળ ફાઈલો ચોપડેથી ગાયબ છે. આ ફાઈલો ગેરકાયદેસર બાંધકામો, નોટિસો અને ડિમોલિશનની કાર્યવાહી સાથે સીધી રીતે જોડાયેલી હતી.

મુખ્ય કાગળો અને કાયદાકીય દસ્તાવેજો જ ગાયબ થઈ જતાં હવે એસ્ટેટ વિભાગ કઈ ફાઈલના આધારે ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવશે? તે મોટો પ્રશ્ન ઊભો થયો છે. જાણકારોના મતે, ગેરકાયદે બાંધકામ કરનારા તત્વો અને ભૂમાફિયાઓને કાયદાકીય શિકંજામાંથી બચાવવા માટે આ ફાઈલો ગાયબ કરી દેવામાં આવી હોવાની પૂરેપૂરી શક્યતા છે.

ફાઈલો ગુમ થવાનો ઘટસ્ફોટ થતાં જ એસ્ટેટ વિભાગના ઉચ્ચ અધિકારીઓના પેટમાં તેલ રેડાયું છે. મામલો રફે-દફે કરવાના પ્રયાસો વચ્ચે ડેપ્યુટી એસ્ટેટ ઓફિસરે તમામ ખાતાના અધિકારીઓ તેમજ કર્મચારીઓને કડક પત્ર લખવાની નોબત આવી છે.

પત્રમાં તમામ સ્ટાફને ગુમ થયેલી ૨૧ ફાઈલો તાત્કાલિક ધોરણે શોધી કાઢવા આદેશ અપાયો છે.

જોકે, સરકારી કચેરીમાંથી અતિ મહત્વના કેસોની મૂળ ફાઈલો ગાયબ થઈ જાય ત્યાં સુધી જવાબદાર અધિકારીઓ ઊંઘતા રહ્યા કે પછી આંખ આડા કાન કર્યા, તે મોટી તપાસનો વિષય છે.

શું AMC કચેરીમાંથી ૨૧ ફાઈલો મેળે જ ગાયબ થઈ ગઈ કે પછી કોઈ ચોક્કસ બિલ્ડરો અને ભૂમાફિયાઓને ફાયદો કરાવવા માટે મોટા ગજાના અધિકારીઓની છત્રછાયા હેઠળ આ કાગળો સગેવગે કરાયા?

જે કચેરીમાંથી સામાન્ય નાગરિકને પોતાના કામ માટે દસ ફેરા મારવા પડે છે, ત્યાંથી ૨૧ ગેરકાયદે બાંધકામની ફાઈલો ગાયબ થઈ જાય છતાં હજુ સુધી કોઈ ચોક્કસ જવાબદાર અધિકારી કે કર્મચારી સામે FIR કે નિષ્પક્ષ તપાસ કેમ શરૂ કરાઈ નથી?

જે ૨૧ કેસોની ફાઈલો ગુમ થઈ છે, તે તમામ જગ્યાઓ પર ચાલી રહેલા ગેરકાયદે બાંધકામો પર તાત્કાલિક સ્ટે લાવીને ડિમોલિશન કરવામાં આવશે કે પછી ફાઈલો ગુમ થવાનું બહાનુ ધરીને મામલો ઠંડો પાડી દેવાશે?

શાહપુર વોર્ડમાં બનેલી આ ઘટનાથી એસ્ટેટ વિભાગની કાર્યો પદ્ધતિ પર અનેક સવાલો ઊભા થયા છે. વિપક્ષ અને સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે કે આ મામલે માત્ર 'પત્રવ્યવહાર' કરીને સંતોષ માનવાને બદલે જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ બેસાડવામાં આવે, પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે અને કૌભાંડ આચરનારા તમામ ચહેરાઓને ખુલ્લા પાડવામાં આવે.

---

**અમદાવાદ પૂર્વમાં કળિયુગી સસરાની નિર્દયતા**

## પુત્રના અવસાનના બે જ મહિનામાં 8 માસની માસૂમ દીકરી સાથે વિધવા વહુને ઘરબહાર ફેંકી!

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં માનવતા મરી પરવારી હોય તેવી એક અત્યંત હૃદયદ્રાવક અને શરમજનક ઘટના સામે આવી છે. જેમાં પતિના અકાળે થયેલા અવસાનના વિયોગમાં ઝૂરતી વિધવા પુત્રવધૂ અને તેની માત્ર ૮ મહિનાની દૂધપીતી દીકરીને સસરાએ ઘરમાંથી હાંકી કાઢી હતી. આટલું જ નહીં, કાવતરું રચીને પેઢીનામું કરાવવાના બહાને પુત્રવધૂના નામનું ઘર પોતાના નામે કરી લેવાનો સસરાએ હીન પ્રયાસ કર્યો હતો. જોકે, અબળા નારીની વહારે આવેલી ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈનની ટીમે કાયદાનું ભાન કરાવી યોગ્ય કાઉન્સેલિંગ કરતાં આખરે કઠોર સસરાને નમતું જોખવું પડ્યું હતું અને પુત્રવધૂને સન્માનપૂર્વક સાસરીમાં રાખવા સંમત થવું પડ્યું હતું. મળતી વિગતો મુજબ, પીડિત મહિલાના લગ્ન સાત વર્ષ પૂર્વે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતા પરિવારમાં થયા હતા. લગ્નજીવન દરમિયાન મહિલાના પતિ અને તેના સાળા (મહિલાના ભાઈ) ભાગીદારીમાં બિઝનેસ ચલાવતા હતા. એ સમયે પતિએ પોતાની પત્નીના ભવિષ્યની સુરક્ષા માટે તેના નામે જ એક મકાન ખરીદ્યું હતું.

પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. માત્ર બે મહિના પૂર્વે જ મહિલાના પતિનું અકાળે અવસાન થતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પતિના મોતથી વિધવા થયેલી મહિલા અને તેની ૮ માસની માસૂમ દીકરી પરથી પિતાની છત્રછાયા છીનવાઈ ગઈ હતી. પતિના મૃત્યુના બે જ મહિનામાં સસરાની દાનત બગડી હતી. બિઝનેસના એક ઓર્ડર મુદ્દે મહિલાના ભાઈ અને સસરા વચ્ચે વિવાદ થયો હતો. આ અંગત અદાવત અને લાલચમાં સસરાએ વિધવા પુત્રવધૂને રસ્તા પર લાવી દેવાનું કાવતરું ઘડ્યું. સસરાએ પેઢીનામું કરાવવાના બહાને વિધવા પુત્રવધૂની અજાણતા અને ભોળપણનો ગેરફાયદો ઉઠાવ્યો. પુત્રવધૂના નામે રહેલું મકાન પોતાના નામે કરાવી લેવાના કાગળો તૈયાર કરાવ્યા. જેવું ઘર પોતાના નામે કરાવવાનો ખેલ પાર પડ્યો, કે તુરંત જ સસરાએ વિધવા પુત્રવધૂ અને ૮ માસની નાની બાળકીને કોઈપણ આશરા વગર ઘરમાંથી કાઢી મૂક્યા!

## છેડતીનો વિરોધ કરનાર યુવકની જાહેરમાં ઘાતકી હત્યા, વિસ્તારમાં ભારે આક્રોશ!

અમદાવાદ

શહેરના ઓઢવ વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. સગીરાની છેડતી બાબતે ઠપકો આપનાર ૨૮ વર્ષીય યુવક અજીત ઠાકોરની નિર્દયતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી છે. આ ઘાતકી હુમલાથી સમગ્ર ઓઢવ વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે અને સ્થાનિક રહીશોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઓઢવ ગામમાં પાણીની ટાંકી પાસે આવેલા જોગણી માતાના મંદિરના મંડપમાં અજીત ઠાકોર લાઈટિંગ અને ડેકોરેશનનું કામ કરી રહ્યો હતો. તે દરમિયાન અગાઉ બનેલી છેડતીની ઘટનાનો ખાર રાખીને ત્રણ શખ્સો ત્યાં ધસી આવ્યા હતા.

આરોપીઓએ અગાઉ અજીતે કરેલા વિરોધ અને આપેલા ઠપકાનો બદલો લેવાના ઈરાદે અજીત પર અચાનક જીવલેણ હુમલો કર્યો હતો. લોહીલુહાણ કરવાના ઈરાદે આવેલા હુમલાખોરોએ લાકડીઓ અને ધારદાર હથિયારોથી અજીત પર આડેધડ વાર કર્યા હતા.

**જેલમાંથી બહાર આવી ખૂનીઓ બન્યા કુખ્યાત બુટલેગર**

## જૂના કપડાની આડમાં ચાલતા કુટિલ દારૂના નેટવર્કનો પર્દાફાશ

અમદાવાદ

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં ગુનાખોરીનો એક અત્યંત ચોંકાવનારો અને ખતરનાક મામલો સામે આવ્યો છે. જેલની ચાર દીવાલોની અંદર ખૂની બનેલા અપરાધીઓ બહાર આવ્યા બાદ કઈ હદ સુધીના ગુનાહિત કાર્યો કરી શકે છે તેની સાક્ષી પૂરતી આ ઘટનાએ પોલીસ તંત્રને પણ ચોંકાવી દીધું છે. કૃષ્ણનગર પોલીસે બાતમીના આધારે ગુજરાત હાઉસિંગ બોર્ડના એક મકાનમાં અચાનક દરોડા પાડીને કરોડોના વિદેશી દારૂના જથ્થાનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા આરોપીઓનો ઈતિહાસ જાણ્યા બાદ ખાખી પણ હચમચી ગઈ છે કારણ કે આ શખ્સો સામાન્ય બુટલેગર



નહીં, પરંતુ કુખ્યાત હત્યાના ગુનામાં જેલની હવા ખાઈ ચૂકેલા ગુનેગારો છે. મળતી માહિતી મુજબ, કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડના એક મકાનમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૨,૭૩૯ બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે ૯.૩૩ લાખ રૂપિયા થાય છે. પોલીસે આ દારૂનો જથ્થો કબ્જે કરીને સ્થળ પરથી નિશીત શાહ, જય પવાર અને કિશન શાહ નામના ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ પૂછપરછમાં આ ગુનાહિત નેટવર્કની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી બહાર આવી છે. આ ત્રણેય આરોપીઓ રાજસ્થાનના કુખ્યાત બુટલેગર ઓમપ્રકાશ બિશ્નોઈ પાસેથી મોટા પ્રમાણમાં દારૂ મંગાવતા હતા. આ દારૂ સૌપ્રથમ નારોલ અને વટવા વિસ્તારમાં આવેલા ગુપ્ત ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવતો હતો.

**અમદાવાદમાં SP રિંગ રોડ પર કાયદાના ધજાગરા**

## જાહેરમાં તલવારનો ખુલ્લેઆમ વેપાર કરતો શખ્સ કેમેરામાં કેદ, પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો!

અમદાવાદ

અમદાવાદ જેવા મેગા સિટીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. શહેરના વ્યસ્ત ગણાતા SP રિંગ રોડ પર એક યુવક કોઈ પણ ડર વગર જાહેરમાં તલવાર જેવા ધારદાર હથિયારનો વેપાર કરતો નજરે પડ્યો છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ ભારે ચકચાર મચી ગઈ છે. એક તરફ અમદાવાદ પોલીસ ગુનેગારો પાસેથી



હથિયારો જપ્ત કરી કાયદાનું શાસન હોવાના દાવા કરે છે, તો બીજી તરફ જાહેર રસ્તા પર આવી રીતે ખુલ્લેઆમ હથિયારોનું વેચાણ થઈ રહ્યું છે, જે પોલીસ તંત્રની ગંભીર બેદરકારી તરફ આંગળી ચીંધે છે. વાયરલ થયેલા વીડિયોમાં અત્યંત ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. SP રિંગ રોડ જેવા સતત ધમધમતા માર્ગ પર એક શખ્સ હાથમાં તલવારો લઈને ખુલ્લેઆમ ગ્રાહકોની રાહ જોઈને ઊભો હતો. આ દરમિયાન એક રિક્ષાચાલક રસ્તા વચ્ચે રિક્ષા ઊભી રાખીને તલવાર કેવી છે, તેની ધાર અને ગુણવત્તા ચકાસતો પણ વીડિયોમાં સ્પષ્ટપણે કેદ થયો છે. જાણે કોઈ શાકભાજી કે રમકડાં વેચાતાં હોય તે રીતે જાહેરમાં ઘાતક શસ્ત્રનો સોદો થઈ રહ્યો હતો. કાયદાનો કે ખાખીનો રતિભર પણ ડર ન હોય તેમ આ વેપાર ચાલી રહ્યો હતો. અમદાવાદ પોલીસ દ્વારા અવારનવાર દાવો કરવામાં આવે છે કે અસામાજિક તત્વો અને ગુનેગારો પાસેથી ગેરકાયદેસર હથિયારો કબ્જે લેવામાં આવી રહ્યા છે અને શહેર સુરક્ષિત છે. પરંતુ આ ઘટનાએ પોલીસના તમામ દાવાઓની પોલ ખોલી નાખી છે.

**અમદાવાદના બહેરામપુરામાં તંત્રની આંખ આડા કાનની નીતિ**

## પાણીની ટાંકી અને નદી નજીક હોવા છતાં 'સંતોષનગર'ના રહીશોને પાણી માટે વલખા

અમદાવાદ

એક તરફ સ્માર્ટ સિટી અમદાવાદના વિકાસના મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ દક્ષિણ ઝોનમાં આવેલા બહેરામપુરા વોર્ડના સંતોષનગર વિસ્તારમાંથી તંત્રની પોલ ખોલતી એક અત્યંત ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. સંતોષનગર ચામુંડા માતા ચોકની ચાલીમાં રહેતા હજારો સ્થાનિક રહીશો છેલ્લા ઘણાં સમયથી બંને ટાઈમ પૂરતું અને સમયસર પીવાનું પાણી મેળવવા માટે ફાફા મારી રહ્યા છે. સ્થાનિકોમાં આ બાબતે તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકોનો સવાલ છે કે આ કેવો અનોખો વિકાસ છે? સંતોષનગર વિસ્તારની બિલકુલ બાજુમાં જ AMCની પાણીની ટાંકી આવેલી છે અને નજીકમાં જ રિવરફ્રન્ટની નદી વહે છે. છતાં પણ આ જ વિસ્તારના નાગરિકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત માટે પણ નાગરિકોએ રોજ સંઘર્ષ કરવો પડે છે, જે AMC અને શાસકોની નિષ્ક્રિયતા સાબિત કરે છે. 'અમે પણ આ ભારત દેશના જ નાગરિક છીએ, તો પછી અમારા આ વિસ્તાર સાથે આટલો અન્યાય કેમ?' તેવો સવાલ સંતોષનગરના જાગૃત નાગરિકોએ ઉઠાવ્યો છે. ભારતના બંધારણે દરેક નાગરિકને પ્રાથમિક સુવિધાઓ મેળવવાનો મૂળભૂત અધિકાર આપ્યો છે, અને પોતાના હક માટે અવાજ ઉઠાવવો એ નાગરિકોનો હક છે. તંત્રની કુંભકર્ણની નિંદ્રા તોડવા હવે મહિલાઓ અને યુવાનો મેદાને આવ્યા છે. સંતોષનગર ચામુંડા માતા ચોકની ચાલીના સૌ સ્થાનિકોએ એક અવાજે AMC તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે કે જો આગામી બે દિવસની અંદર બંને ટાઈમ પૂરતું અને સમયસર પીવાનું પાણી પૂરું પાડવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

સ્થાનિકોએ ચીમકી આપી છે કે જો બે દિવસમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો સંતોષનગરના તમામ રહીશો દ્વારા AMC ઓફિસ ખાતે જોરદાર ધરણા પ્રદર્શન અને 'હલ્લા બોલ' કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

# સંક્ષીપ્ત સમાચાર

## અમદાવાદમાં બાબા સાહેબ આંબેડકરના પોસ્ટર ફાડવાની ઘટના, અમરાઈવાડી પોલીસ મથકે ગુનો નોંધાયો

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાંથી એક ચકચારજનક અને આક્રોશ જગાડતી ઘટના સામે આવી છે, જેમાં બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના પોસ્ટરને ફાડીને અપમાનિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સમગ્ર બનાવ અમરાઈવાડી મેટ્રો પિલ્લર નંબર 55 પાસે બન્યો હતો. વિસ્તારના જાગૃત નાગરિક અને વ્યવસાયે રિક્ષાચાલક એવા કેતન ચાવડા જ્યારે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની નજર ડૉ. બાબાસાહેબ આંબેડકરના ફાટેલી હાલતમાં પડેલા પોસ્ટર પર પડી હતી. મહાપુરુષનું આવું અનાદર જોઈને કેતન ચાવડા અને સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. સામાજિક સૌહાર્દ બગાડવાના અને અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા આ હીન કૃત્ય સામે કેતન ચાવડાએ સહેજ પણ ખચકાયા વિના તુરંત અમરાઈવાડી પોલીસ મથકે પહોંચી કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતા જ અમરાઈવાડી પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે. પોલીસે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની સાથે અસામાજિક તત્વોની ધરપકડ કરવા માટે તજવીજ તેજ કરી દીધી છે. શાંતિ અને એકતા ડહોળવાનો પ્રયાસ કરનાર કાવતરાખોરોને બક્ષવામાં નહીં આવે તેવી ખાતરી આપવામાં આવી છે.

## અમદાવાદમાં સોની વેપારી સાથે 87.81 લાખની ઠગાઈ: જડતર કામના બહાને દાગીના મેળવી દંપતી સહિત ત્રણ ફરાર

અમદાવાદના પંચવટી સી.જી. રોડ પર જ્વેલરી શોરૂમ ધરાવતા વેપારી સંજય શાહ સાથે 87.81 લાખના સોનાના દાગીનાની મોટી ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિશ્વાસ જીતીને દાગીના પચાવી પાડનાર એસ.એસ. ઓર્નામેન્ટ નામના શોરૂમના સંચાલક સોની દંપતી અને તેમના ભાગીદાર સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વાડજ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી સંજય શાહે પંચવટી સી.જી. રોડ પર જ્વેલરી શોરૂમ ધરાવતા દીપેન સોની, તેમની પત્ની ખુશ્બુ સોની અને ભાગીદાર પાર્થ સોની (એસ.એસ. ઓર્નામેન્ટ) સાથે વેપારી સંબંધો બાંધ્યા હતા. શરૂઆતમાં આરોપીઓએ પોતાનો વ્યવહાર ચોખ્ખો રાખીને સંજય શાહનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ, દાગીના પર જડતર કામ કરવાના બહાને આરોપીઓએ સંજય શાહ પાસેથી તબક્કાવાર કુલ 87,81,000 ની કિંમતના સોનાના કિંમતી દાગીના મેળવ્યા હતા. જ્યારે જડતર કામ પૂરું થવાના સમયગાળા બાદ સંજય શાહે પોતાના દાગીના અથવા તેનો હિસાબ માગ્યો, ત્યારે આરોપીઓએ આનાકાની કરવાનું શરૂ કર્યું હતું. શંકા જતાં સંજય શાહે પંચવટી સી.જી. રોડ સ્થિત એસ.એસ. ઓર્નામેન્ટની મુલાકાત લીધી ત્યારે આશ્ચર્ય વચ્ચે દુકાન ખાલી મળી આવી હતી.

## વટવા GIDC પોલીસે રાજગઢ પોલીસ સ્ટેશનના ગુનામાં ફરાર અલ્કેશ ઉર્ફે આયુષ પટેલને દબોચ્યો!

વિદેશ જવાની ઘેલછા ધરાવતા નિર્દોષ યુવાનોને પોતાના પ્રેમજાળ અને લાલચમાં ફસાવીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડતા ઠગબાજો સામે પોલીસે લાલ આંખ કરી છે. પંચમહાલ જિલ્લાના રાજગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કરોડો/લાખોની છેતરપિંડીના ગંભીર ગુનામાં લાંબા સમયથી ફરાર ચાલી રહેલા શાતિર આરોપીને અમદાવાદની વટવા GIDC પોલીસે ઝડપી પાડીને કાયદાનું ભાન કરાવ્યું છે. મળતી વિગતો અનુસાર, આરોપી અલ્કેશ ઉર્ફે આયુષ પટેલે યુવાનોને વિદેશમાં ઉંચા પગારની નોકરી અને વિઝા અપાવવાની ગુલાબી લાલચો આપી હતી. ભોળા યુવાનો પાસેથી વિઝા અને પ્રોસેસિંગ ફીના નામે લાખો રૂપિયા પડાવી લીધા બાદ આરોપી અચાનક ગાયબ થઈ ગયો હતો. જ્યારે યુવાનોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો, ત્યારે પંચમહાલના રાજગઢ પોલીસ સ્ટેશનમાં આરોપી સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## લાલ દરવાજા પાસે રોફ જમાવવા CISFના DSPનું આઇકાર્ડ લગાવીને પંજાબનો યુવક ફરતો હતો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લાલદરવાજા પાસેથી નકલી CISFના અધિકારીની ધરપકડ કરી છે. આરોપી લાલદરવાજા પાસે રોફ જમાવવા માટે પેન્ટ પર CISFના DSPનું આઈકાર્ડ લગાવીને ફરતો હતો. પોલીસ તપાસમાં આરોપી પંજાબનો હોવાનું સામે આવ્યું છે. હાલ આરોપીની ધરપકડ કરીને કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે લાલદરવાજા સરદારબાગ પાસેથી એક શખ્સની અટકાયત કરી હતી. આ શખ્સની તપાસ કરતા તેના પેન્ટ પર CISFના DSPનું આઈકાર્ડ લટકાવ્યું હતું, જેથી ક્રાઈમ બ્રાન્ચે પૂછપરછ કરતા આ શખ્સનું નામ અઝમા એ સિકંદર કમ્બોઝ હોવાનું સામે આવ્યું હતું. આ શખ્સ પંજાબનો હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ વ્યક્તિ CISFમાં કોઈ અધિકારી નથી માત્ર રોફ જમાવવા માટે જ આઈકાર્ડ લગાવ્યું હોવાનું સામે આવ્યું છે. નકલી CISFના અધિકારીની ધરપકડ કરીને કારંજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI